|| વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો ||

# || અદયાત્મ ||

**(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)**


**સંસ્થાપક :** પરમ પૂજ્ય યોગેશ્વરજી

**પ્રકાશક :** સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ

**આદ્ય તંત્રી :** શ્રી નારાયણ જાની

**સંપાદક :** શ્રી તરલા દેસાઈ-ડૉ. અરુણા ઠાકર

**વ્યવસ્થાપક :** શ્રી આશિષ વી. ગોહિલ P.9428222357

**મુદ્રણ :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, OLD L.I.G 167, આનંદનગર, ભાવનગર-૫

**લેખો મોકલવાનું સ્થાન :** ૩૦૧/મૂર્તિધામ ડ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં, ડી.કે.પટેલ હોલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩

અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com

વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'

ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

'અધ્યાત્મ' દર માસની ૧ તારીખે પ્રસિદ્ધ થશે.

આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.

છૂટક નકલ ૮-૦૦। આજીવન **૨૫૧/–**

વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–**। આજીવન **૧૬,૫૦૦/–**

'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.

'અધ્યાત્મ'નું વાર્ષિક લવાજમ બંધ કરેલ છે. તેને બદલે નવા બનનાર ગ્રાહકે ઓછામાં ઓછા બે વર્ષનું લવાજમ રૂા. ૫૦/– ભરવાનું રહેશે.

આ લવાજમ ડ્રાફટ અથવા મનીઑર્ડરથી નીચેના સરનામે મોકલવાનું રહેશે :

**સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ**

'સ્વર્ગારોહણ', દાંતા રોડ, **અંબાજી.** તા. દાંતા, જી : બનાસકાંઠા

પિન કોડ : ૩૮૫૧૧૦ ફોન નં. ૦૨૭૪૯-૨૬૨૨૬૯


## || પ્રકાશના પંથે : ઈશ્વરી પ્રેરણાનો અનુવાદ ||

એક નાના સરખા બાળકને પૂર્ણતા કે પ્રકાશને પંથે પ્રવાસ કરવાની પ્રેરણા થઈ ને તેણે પ્રવાસ શરૂ કર્યો. માર્ગમાં તેને કેવા કેવા અસંખ્ય અવનવા અનુભવો થયા ને છેવટે તેના પ્રવાસનું પરિણામ શું આવ્યું તેનો સંપૂર્ણ સાચો કે પ્રામાણિક ઈતિહાસ આજના જડવાદ તરફ વધારે ને વધારે ઢળતા જતા જગતને વાંચવા મળે, ને તે તેનામાં શક્તિસંચાર કરવાનું ને મરી પરવારતી આધ્યાત્મિકતા ને ઈશ્વરપરાયણતાને જાગ્રત કરવાનું કામ કરે એવી પણ કદાચ ઈશ્વરની ઈચ્છા આ પ્રેરણાની પાછળ હોઈ શકે. તેની ખરેખરી ઈચ્છા શી છે તે કોણ કહી શકે ? મારી ફરજ તો એનું અનુકરણ કરવાની કે તે ઈચ્છાને અનુવાદિત કરવાની છે. સ્વામીની આજ્ઞાને શિરોધાર્ય કરવા સિવાય સેવકનો બીજો સ્વધર્મ શો હોઈ શકે ? એટલે જ જેમ ઈશ્વરની પ્રેરણા થાય છે તેમ કર્યે જાઉં છું. ખરી રીતે તો મારું જીવન આજે વરસોથી ઈશ્વરી ઈચ્છા કે પ્રેરણાની આવૃત્તિ જેવું બની ગયું છે. પોતાની પ્રેરણાનો અનુવાદ ઈશ્વર આજે વરસોથી મારા જીવન દ્વારા કરાવ્યે જાય છે. આત્મકથાના પ્રસંગોને વાંચતા જવાથી આગળ પણ એ વાતની યથાર્થતાની ખાતરી થઈ જશે. ઈશ્વરના હાથમાં હું હથિયાર છું. હું વાંસળી છું ને તે તેમાં પ્રાણ પૂરનાર કે તેને વગાડનાર. જીવન જ આખું તેનું છે ને તે મય છે. માટે જ તે લખાવે છે તેમ લખ્યે જાઉં છું ને કરાવે છે તેમ કર્યે જાઉં છું. તેની ઈચ્છા એ જ પ્રયોજન.

**–શ્રી યોગેશ્વરજી**

॥ ૐ યોગેશ્વરાય નમઃ ॥
॥ ૐ મા સર્વેશ્વર્યૈ નમઃ ॥

॥ પરમ પૂજ્ય શ્રીયોગેશ્વરજીનો લીલાસંવરણદિન ॥

(તા.૧૮ માર્ચ, ૧૯૮૪)

આ અંકની અર્ચના

'પ્રકાશના પંથે'ની પરિક્રમા

(અક્ષરસ્વરૂપેણ સંસ્થિતા : શ્રી યોગેશ્વરજીને આપણા સર્વના કોટિ કોટિ પ્રણામ !)

"'પ્રકાશના પંથે' જેવા ઉત્કૃષ્ટ સદ્‌ગ્રંથો અંતર્જ્યોતિના અસ્તિત્વનું સૂચન કરે છે પણ આપણને આપણા આત્માનું જ્ઞાન હોય તો જ તેમને સમજી શકીએ. પૂજ્યશ્રી યોગેશ્વરજી પોતાને જગતની ચિકિત્સા કરનાર આધ્યાત્મિક વૈદ્ય કે ડૉક્ટર માનતા. તેઓશ્રીનો વિશ્વના આધ્યાત્મિક વિકાસમાં સહાયભૂત થવાનો, માર્ગદર્શક બનવાનો સંકલ્પ અત્યંત ચમત્કારિક રીતે પરમ પૂજ્ય 'મા' સર્વેશ્વરીરૂપે ચરિતાર્થ થયો છે."



# અનુક્રમ


| | | |
|---|---|---|
| નિવેદન | | ૫ |
| ૧. શ્રી યોગેશ્વરકથામૃત | શ્રી 'મા' સર્વેશ્વરી | ૬ |
| ૨. શ્રી યોગેશ્વરપ્રતિષ્ઠ રચનાઓ | " | ૮ |
| ૩. 'પ્રકાશના પંથે'ની પ્રાણપ્રતિષ્ઠા | સંકલન | ૧૬ |
| ૪. 'પ્રકાશના પંથે'ની પરિક્રમા | " | ૧૮ |
| ૫. 'પ્રકાશના પંથે'ના શાશ્વત ઝળહળ ગદ્યાંશો | " | ૨૧ |
| ૬. Water-Fast Experience | શ્રી કાવ્યા સ્માર્ત | ૫૮ |
| ૭. 'અધ્યાત્મ'ના અભિન્ન અંશને ભાવભીનાં વંદન | સંપાદન | ૬૨ |
| ૮. પ્રત્યેક શ્વાસે પ્રભુને પ્રાર્થો | શ્રી 'મા' સર્વેશ્વરી | ૬૪ |

# નિવેદન : અમૃત આત્માનો રાજમાર્ગ

જન્મ પર શરૂ થાય ને મૃત્યુ પર સમાપ્ત થાય એને જ જો આપણે 'જીવન' સમજી લઈએ તો એ તો ક્ષણભંગુર છે. કિન્તુ મનુષ્ય પાસે એક એવી શાશ્વત સંપદા છે, જે જન્મતી નથી, મૃત્યુથી જે અપરાજિત રહે છે; તે એની ભીતર જ છે. એનો બોધ, એની પ્રતીતિ જેમને સદૈવ છે; એવા સજગ સંતોમાં આપણા સમર્થ સદ્ગુરુ શ્રી યોગેશ્વરજીનું નામ ઝળહળ છે. એટલે જ તેઓશ્રીના 'લીલાસંવરણદિન'ને પૂજ્યશ્રી 'મા' સર્વેશ્વરીએ 'પૂજ્યશ્રીના સૂક્ષ્મ સ્વરૂપના પ્રાગટ્યદિન' તરીકે ઓળખાવ્યો છે.

પરમ પૂજ્ય શ્રી યોગેશ્વરજી જીવનભર બહાર ક્યાંય અટવાયા વિના, લક્ષ્મી કે કીર્તિની દોટની નહિ પણ પોતાનામાં જ આરંભાઈ, પોતાનામાં જ સમાપ્ત થાય એવી ભીતરની દિશા પકડે છે. કઠિન તપ, જપ, ધ્યાન, સમાધિ દ્વારા ભીતર ઉપલબ્ધ આત્માનુભવ પરમાત્મા પર સ્થિર થવાથી, પોતાના સમગ્ર અસ્તિત્વમાં 'મા' જગદંબાનો આવિર્ભાવ અનુભવી શકે છે.

'જે સ્વયં મટી, સત્સ્વરૂપે જ બચે છે એવા સંત' પૂજ્યશ્રી યોગેશ્વરજી ખલિલ જિબ્રાનની જેમ આપણને કહે છે : 'આવો મારી પાસે સ્વર્ગનું સરનામું છે.' પણ સ્વર્ગીય થવા (અહમ્‌રહિત થવા) કોઈ રાજી નથી, સિવાય પૂજ્યશ્રી 'મા' ! તેઓશ્રી મક્કમ સ્વરે કહે છે : 'લક્ષ્યપ્રાપ્તિ માટે ગમે તે ભોગ આપવા તૈયાર છીએ.'

પૂજ્યશ્રી યોગેશ્વરજીની કેવળ સાડાચાર વર્ષની સંનિધિએ પૂજ્યશ્રી'મા'ને પ્રતીતિ કરાવી દીધી છે, પોતાના સ્વ-રૂપની ! 'જે અમૃત છે, જેનું મૃત્યુ સંભવ નથી.'

અ-મૃત આત્માનો પૂજ્યશ્રી યોગેશ્વરજીનો રાજમાર્ગ રોશની આપે છે આપણને આપણો માર્ગ જોઈ શકવા, નિહાળવા અને સૂચવી રહે છે; 'તમારો માર્ગ તમારે જાતે જ શોધવો પડશે.'

આ સૂચનને આજ્ઞારૂપે શિરોધાર્ય કરી, પરમ ગુરુદેવ પ્રભુનાં શ્રીચરણકમળમાં શિર ઝૂકાવવા, પ્રણામ કરવા અધિકારી બનીએ. પરમ પૂજ્યશ્રી યોગેશ્વરજીની અમરતાને વધાવવા અન્ય વિકલ્પ ક્યાં ?



# ॥ શ્રી યોગેશ્વરકથામૃત ॥

**દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ–દિન ૮૯**
**તા. ૧૦-૨-૮૩, ગુરુવાર, મહા વદ તેરસ ૨૦૩૯**
**રિઝર્વહીલ, ડરબન**

સવારે નિયમિત લેખનનો ક્રમ રહ્યો. આ ઓરડામાં સૂર્યપ્રકાશ પૂરતા પ્રમાણમાં આવે છે. એક ભીંત તરફ આખોય કાચ જ છે. કાચમાંથી નીચેના ભાગમાં દૂર દૂર સુધી ડરબન શહેરનો વિસ્તાર દેખાય છે.

શાંતિ છે. હું મારો નિત્યક્રમ પરવારી ભોજન બનાવવા રસોડામાં જાઉં છું. પૂ.શ્રી પાછળથી રસોડામાં એકાદ આંટો મારી જાય છે. રસોઈ થઈ જતાં ભાત, શાક, ભાખરીનું ભોજન લઈએ છીએ.

દરરોજની જેમ આજે પણ પૂ.શ્રી માતાજીનું સ્મરણ કરે છે. ભોજન બાદ એક ભાઈ મળવા આવે છે. તેમની સાથે ગઈ કાલના પ્રવચન અંગે વાતો થાય છે.

સાંજે પ્રવચન માટે ભારત હૉલમાં જઈએ છીએ. તા. ૭/૮/૯/૧૦ એ ચારેય દિવસમાં પૂ.શ્રીએ 'મંત્રજપ' ઉપર પ્રવચનો આપ્યાં. આજનું પ્રવચન પણ સરસ હતું. પ્રવચન થયા બાદ બદામવાળા કાકા મળે છે. શાળા છૂટે ત્યારે પોતાની દુકાનમાં જે બાળકો આવે તેમને બદામો આપે છે તે જ કાકા અમને પણ દરરોજ પ્રવચન બાદ બદામ આપીને 'જય શ્રીકૃષ્ણ' કહે છે.

પ્રવચન પહેલાં, ઉતારાના આ ઘરમાં નોરા નામની જે આફ્રિકન બહેન કામ કરે છે તેનું આજે રજિસ્ટ્રેશન થયું તેની વાત થાય છે. તેને સાંજે જ્યારે રજિસ્ટ્રેશન થયાનો પાસપોર્ટ

આપ્યો ત્યારે તે આનંદમાં આવીને ઘરનાં યજમાન ગૃહિણીને પોતાની ઝુલુ ભાષામાં કહેવા લાગી કે;

'બાબા ભુયલે. બાબા એન્જીલે પ્રેમીના ઠાંડા.'(બાબા ભુયલે=વડીલ પુરુષ આવ્યા છે. બાબા એન્જીલે પ્રેમીના ઠાંડા=બાબા કરે તે પ્રાર્થના મને ગમે.) એટલે કે આપણે ત્યાં બાબા(મહાત્માજી) આવ્યા છે. તેઓ પ્રાર્થના ખૂબ કરે છે. તેમની પ્રાર્થનાથી જ મને રજિસ્ટ્રેશન મળી ગયું. તેનો મને ખૂબ આનંદ થાય છે.

પૂ.શ્રીનાં પુનિત પગલામાં આ આફ્રિકન બહેનને ખૂબ શ્રદ્ધા છે, એ વાત જ્યારે પૂ.શ્રીને કરી, ત્યારે યજમાન શ્રી રતિભાઈએ નોરાને બોલાવીને ઝુલુ ભાષામાં કહ્યું કે, મહાત્માજીને અને માતાજીને પ્રણામ કર. તો તેણે કહ્યું; કેવી રીતે પ્રણામ કરવાના? શ્રી રતિભાઈએ ઘૂંટણીએ પડીને પૂ.શ્રીને પ્રણામ કરીને તેને બતાવ્યા. તરત જ તે બહેને એ રીતે અમને બંનેને પ્રણામ કર્યા. શ્રી રતિભાઈએ પૂ.શ્રીના હાથમાં એક-એક રેન્ડના બે સિક્કા આપી વિનંતિ કરી કે આ નોરાને આપો.

પૂ.શ્રીએ નોરાને અંગ્રેજીમાં કહ્યું : ફોર યોર રજિસ્ટ્રેશન.

નોરાએ 'થેંક યુ' કહીને તે પૈસાનો સ્વીકાર કર્યો.

આજે પ્રવચન બાદ રાતે દરિયાકિનારે ફરવા ગયાં. સરિતા ને સાગરનો સંગમ થાય છે તે સ્થળે દશ મિનિટ ઊભાં રહ્યાં. રાત્રે અગિયાર વાગ્યે ઉતારા ઉપર આવી ગયાં. આરામ કર્યો.

**હરિઃ ૐ**

**—શ્રી 'મા' સર્વેશ્વરી**



# ॥ શ્રી યોગેશ્વરપ્રતિષ્ઠ રચનાઓ ॥

## ॥ 'સ્વર્ગારોહણ'ના કણકણમાં યોગેશ્વર નાથ ॥

**સ્વર્ગારોહણની આ ધરતીના કણકણમાં યોગેશ્વર નાથ.**
**પ્રાર્થો, પ્રણમો, પોકારો તો**
**પ્રત્યક્ષ અહીં મળશે નાથ.**
**શ્યામ સખા છે નામ**
**કરે છે સૌનાં કામ.**
**પ્રવેશદ્વારે આવી ઊભા**
**જોતા ભક્તોકેરી વાટ.**
**જે કો'આવી ચરણે નમતા**
**ઉતારતા એ મનના ભાર.**
**પાંચ પગલાં અહીં ભરીને**
**કાયમ કાજ કર્યો છે મુકામ.**
**રક્ષાકવચ સૌને ધરીને**
**કરી રહ્યા છે અખંડ રાજ.**
**શ્યામસખા છે નામ**
**કરે છે સૌનાં કામ.**
**પ્રદક્ષિણાના પગલે પગલે**
**પંચદેવ બની ધરે છે સાથ.**
**ઝૂકીએ તે પહેલાં ઝૂકી જાશે**
**તેડે ત્યાં એ દોડી જાશે.**
**સોંપે તો સંભાળી લેશે સર્વેશ્વરીએ દીઠા નાથ.**
**પાલવ પકડી પાછળ ફરતા, અનુભવની એ સુણજો વાત.**
**શ્યામ સખા છે નામ, કરે છે સૌનાં કામ.**

**—શ્રી 'મા' સર્વેશ્વરી**

(આઓ બચ્ચો...વંદે માતરમ્)

★

## ॥ આસ્વાદ ॥

સ્વાનુભૂતિમાંથી સહજ પ્રગટતું આ કાવ્યનિર્ઝર પરમ પ્રેમમયી 'મા' સર્વેશ્વરીના અકૃત્રિમ, સરળ હૃદયનું પારદર્શક પ્રતિબિંબ બની રહે છે.

પૂજ્યશ્રી 'મા'ની દૃઢ પ્રતીતિ છે, નિર્ભેળ શ્રદ્ધા છે કે, પૂજ્યશ્રી યોગેશ્વર ક્યાંય ગયા નથી, અહીં જ છે. અને એટલે જ એનો સીધો પડઘો નિતાન્ત સરળ કાવ્ય-વાણીમાં સંભળાય છે. સ્વર્ગારોહણની આ ધરતીના કણકણમાં યોગેશ્વર નાથ છે. (હોય જ. કારણ કે એ આ ધરતીના સ્વામી છે અહીં આધિપત્ય તેઓશ્રીનું જ છે.)

સ્વર્ગારોહણના સ્વામી સર્વને પ્રત્યક્ષ થઈ શકે એમ છે (પણ) એને માટે પ્રાર્થના-પ્રણામ ને પોકાર કરવા પડે. એનું નામ જ શ્યામસખા છે, એ મિત્ર બની સૌનાં કામ કરવા તત્પર છે.

ભક્તો તો હજી સ્વર્ગારોહણ 'ક્યારે જવું, કેમ જવું'ના સંકલ્પ-વિકલ્પમાં હશે ત્યાં એ તો પ્રવેશદ્વારે ભક્તોની પ્રતીક્ષા કરતા હાજર થઈ જાય છે !

અહીં આવી જે કોઈ ચરણે નમે છે એના મનના ભાર એ ઉતારી દે છે. અહીં માત્ર પાંચ પગલાં ભરીને, કાયમ કાજ રહી ગયા છે. આવ્યા'તા પ્રવાસે ને નિવાસ કરી લીધો છે-આ ભૂમિમાં !

અહીં અખંડ રાજ-આધિપત્ય એટલે જમાવ્યું છે કે, તેઓશ્રી સૌને રક્ષાકવચ ધરી શકે ! સત્તાનો-સત્તાનો ઉપયોગ પ્રજા સંરક્ષણ માટે ! (સ્વામી રામદાસે શિવાજીને ઉપદેશેલો બોધ યાદ આવે !)



શ્યામ સખા નામ ધાર્યું છે, આટલું તો મિત્ર માટે કરે જ !

ભક્તો અહીં પ્રદક્ષિણા કરવાનું આરંભે તો પ્રત્યેક પગલે 'પંચદેવ' બની સાથ ધરે છે, પાંચે દેવોનું દૈવત સામટું ધરી દે છે !

આ પરમ ભક્તવત્સલ વિનમ્ર તો એવા છે કે, આપણે ઝૂકીએ એ પહેલાં ઝૂકી જાય એટલું જ નહિ, જરાક સરખું ઈજન-આમંત્રણ સંકેત-અણસાર મળતાં દોટ મૂકે છે !

'મા' સર્વેશ્વરી કહે છે, મેં તો એવા નાથસ્વરૂપને જોયું-અનુભવ્યું છે કે, જે સોંપે એને સંભાળી લે છે. વિશ્વાસ મૂકો એટલે બેડો પાર ! આપણી આસ્થા જ એની જવાબદારી બની જાય છે-કેવું પરમ આશ્ચર્ય !

અરે ! એકવાર એમને શરણે ગયા તો આપણો પાલવ પકડી, પાછળ-પાછળ ફરે ! રખેને ! ક્યાંક, કોઈ વળાંક પર આપણને એની અણધારી સહાયની આવશ્યકતા આવી પડે ! આપણે એમને પકડી રાખવાની જરૂર નથી રહેતી, એ જ આપણને પકડી રાખે છે !

શ્યામસખાનો જે શરણાગત બને એનું ગૌરવ-ગરિમા હર પ્રકારે સામેથી સાચવે. આ 'મા' કહે છે તેમ-અનુભવની વાત છે, ગપગોળા નથી. કપોલકલ્પિત વાત નથી, શ્રી 'મા' એ સ્વયં અનુભવેલી વાત છે.

તમે એક જ વાત ગાંઠે બાંધજો કે, પ્રભુએ 'શ્યામસખા' નામ જ એટલે ધારણ કર્યું છે કે એને મિત્રભાવે સર્વનાં કામ કરવાં છે.

ભગવાન-ભક્ત વચ્ચેનો નાતો સખ્યનો ! 'પરસ્પર વિલોપન'નો ! નિર્ભાર-નિરપેક્ષ કેવળ સ્નેહનો સંબંધ !

પૂજ્યશ્રી 'મા'ની દૃઢાતિદૃઢ પ્રતીતિનું આ સહજ-સરલ

ઊર્મિકાવ્ય આપણા હૃદયમાં પણ શ્યામસખાના સહજ સ્નેહનું સીધું સંક્રમણ કરી રહે છે.

પૂજ્યશ્રી 'મા' વાત કરે છે 'યોગેશ્વર નાથ'ના સહજ સ્નેહભાવની પણ આપણને કાવ્યના શબ્દેશબ્દે ''મા' સર્વેશ્વરીના સાથ'ની અનુભૂતિ થાય છે.

ભક્તને મળવા આતુર પ્રભુ હોય, પ્રભુને મળવા ઉત્સુક ભક્ત હોય પણ આ બંનેને સમન્વિત કરવા બંનેના હૃદયની ઉત્કટતા જાણી, સેતુરૂપ બનતા 'મા'ના અનન્ય પ્રેમની મધુર છબી આખા કાવ્યમાં એટલી સુંદર રીતે કંડારાઈ જાય છે કે, શ્યામસખાનું નામ-સરનામું, એના સૌનાં કામ કરવાની ખંત. આ સર્વ વાત C/o 'મા' થઈ જતાં; મન-હૃદય-અંતર શાંત પ્રસન્ન-પ્રસન્ન થઈ જાય છે.

પ્રભુ, પ્રભુને સ્થાને છે, ભક્ત સ્વસ્થાને ! પણ એ બંનેનો 'સુયોગ' રચવા 'મા' જે રીતે 'પ્રેમવિહ્વલ' છે, આતુર છે; એ આ કાવ્યમાં માણવાં જેવાં છે. પૂ.'મા'ને બંનેની પાકી ઓળખાણ છે, પૂર્ણ ખાતરી છે. એ અહીં દરેક પંક્તિમાં છલકાય છે. એ આપણા માટે અત્યંત આસ્વાદ્ય બની જાય છે !!!

પ્રભુ હજી અવ્યક્ત, અપ્રગટ, ભક્ત હજી પૂરેપૂરો ખૂલ્યો નથી, ખીલ્યો નથી એટલે એ પણ અસ્ફુટ, કેવળ બંનેને મેળવવા આતુર, અતિ આતુર 'મા'નો પ્રેમ આખા કાવ્યમાં અત્યંત સહજ રીતે પ્રસરી, કાવ્યને દિવ્ય સુગંધથી ભરી રહે છે. એટલે બે છેડા અવ્યક્ત પણ 'મધ્ય વ્યક્ત' સ્વરૂપ કાવ્યને અનેરા અલૌકિક સૌન્દર્યથી મઢી રહે છે.

★



## ॥ સખી, જોને યોગેશ્વરે સ્વર્ગ સર્જ્યું ॥

**સખી, જોને યોગેશ્વરે સ્વર્ગ સર્જ્યું**
**એ તો સર્વેશ્વરીના હૈયે ઠર્યું**
**રોમરોમમાં એ તો ઝંકૃત થયું**
**એ તો શ્વાસે શ્વાસે આનંદ ધરતું**
**ગુરુસંનિધિસુખ સદાયે ધરતું.**
**પાપપુણ્યનું ગણિત અહીં ખોટું પડ્યું**
**પ્રેમ પવિત્રતાનું વાદળ વરસ્યું**
**મારા-તારાના ભેદને ધોતું ગયું**
**રાગદ્વેષના દળદરને એણે દળ્યું.**
**અગ્નિજ્વાળામાં જોને અડીખમ ઊભું**
**આઠે પ્રહર શીતળ છાંયડી બન્યું**
**સર્વેશ્વરીનું રૂપ ક્ષણમાં ફર્યું.**
**હવે આવવા-જવાનું કાયમ ટળ્યું**
**સર્વેશ્વરીનું ભાગ્ય દેવોને ગમ્યું**
**સર્વેશ્વરીનું સઘળું સાર્થક થયું.**

**—શ્રી 'મા' સર્વેશ્વરી**

(એક વણઝારી ઝૂલણા..)

★

## ।। આસ્વાદ ।।

અત્યંત વિસ્મયમુગ્ધ ઉદ્‌ગારથી આ કાવ્યનો પ્રારંભ થાય છે અને તે ય અત્યંત ઊલટભાવથી ‘સખી’ને સંબોધી કહેવાય છે તેથી ગુપ્ત, રહસ્યમય છતાં જાહેર કર્યા સિવાય રહેવાય નહિ, જે આત્મીય હોય એની આગળ કોમળ-નાજુક સંવેદનનું સુકુમાર શબ્દશિલ્પ અહીં સહજ કંડારાઈ જાય છે, જે અત્યંત મોહક લાગે છે.

શ્રી યોગેશ્વરે સર્જેલું સ્વર્ગનું અવતરણ પોતાના હૈયે સ્થિર થયું છે, ઠર્યું છે, અરે ! હૃદયની જ શું વાત કરવી ? એ તો રોમેરોમમાં ઝંકૃત થયું છે. પોતાના અસ્તિત્વનો એકે અંશ એનાથી અસ્પૃષ્ટ નથી.

એ તો પોતાના પ્રત્યેક શ્વાસને પ્રસન્નતા-આહ્‌લાદથી ભરી દે છે, અને ગુરુસંનિધિ વિનાની એકે પળ નથી.

આ બધું અચાનક-સહસા, આપમેળે એવું સહજ-સ્વાભાવિક રીતે બન્યું કે, ‘પુણ્ય કરો તો સ્વર્ગ પામો.’ પાપીને અહીં પ્રવેશ નથી જેવી આપણી માનવીય ગણતરીઓ અહીં ખોટી પડી. પાપ-પુણ્યનું આપણું ગણિત. કૃપા મળવાની-નહિ મળવાની આપણી ગણતરી, યોગ્યતા-અનધિકાર જેવા કોઈ વાદ-વિવાદને અવકાશ જ ન રહ્યો.

કેમકે પ્રેમ-પવિત્રતાના વાદળને કોઈએ ફરમાન ન હતું કર્યું; એ તો સ્વયં વરસ્યું ! વરસીને-આપણને ભીંજવીને એને ધરવ ન થયો તેણે મારા-તારાના ભેદને ધોઈ નાખ્યા. (પ્રક્ષાલિત કેમ ન કરે કેમકે એ પ્રેમ-પવિત્રતાનું વાદળ હતું.) સાથે-સાથે પોતાની



(આગવી) શક્તિથી એણે રાગદ્વેષનું દળદર પણ દળી જ નાખ્યું-ભેગાભેગું ! દૂષણો જેટલાં દેખાય એટલાં નાશ કરતાં એને વાર શી ?

અને સખી ! (અધ્યાહાર છે અહીં સંબોધન) તે ‘જોને’ શબ્દમાં સૂચવાઈ જાય છે. અગ્નિજ્વાળા (જે મને, તને અને સમગ્ર જગતને સ્પષ્ટ અનુભવાય છે) એમાં એ કેવું અડીખમ ઊભું છે ! આ સ્વર્ગ એવું રચાયું છે, જેને અગ્નિની આંચ અડી શકતી નથી.

એ અગ્નિથી અસ્પૃષ્ટ રહીને પોતાને અકબંધ-સહીસલામત રાખી હાશકારો નથી અનુભવી શકતું, એની કરુણા-માનવતા, સંવેદનશીલતા એને આઠે પ્રહર શીતળ છાંયડીરૂપ બનાવીને જ જંપે છે. પરોપકાર એનું સહજ શીલ છે.

આ બધી થઈ સ્વર્ગની ખૂબીઓ, એની કમાલ ! એના અદ્‌ભુત પ્રભાવ, પ્રસારની ને સર્વકલ્યાણ વગેરેની વાત.

પણ સર્વેશ્વરીના રૂપને બદલવા એ એક જ ક્ષણ લે છે. ક્રાન્તિ કે પરિવર્તન જ નહિ, સંપૂર્ણ રૂપાંતર થઈ જાય છે, આવવા-જવાનું (૮૪ લાખ ફેરા) કાયમ માટે ટળ્યું. સર્વેશ્વરીનું ભાગ્ય-નસીબ દેવોને ગમ્યું, અર્થાત્ દેવોએ પણ સંમતિસૂચક સહી કરી દીધી.

હવે યોગેશ્વર શ્યામ સખા પોતાને માટે સ્વર્ગ ઉતારે, મનુષ્યમાંથી દૈવી શક્તિમાં રૂપાંતર કરી દે, પછી સર્વેશ્વરીનું સઘળું સાર્થક થયા વિના રહે ખરું ?

જીવન ધન્ય ! અસ્તિત્વ સાર્થક ! જન્મ સફળ !

મનુષ્યચેતનાનું દિવ્યતામાં રૂપાંતર કરવા તો આ જન્મ

મળ્યો છે. જે પોતાના પુરુષાર્થથી-સાધનાથી નહિ પણ યોગેશ્વરની અનન્ય કૃપાથી જ સાર્થક થયો છે. આ રહસ્યની વાત પૂજ્યશ્રી 'મા'ની શ્રીકલમે એક નાનકડા કાવ્યમાં, સુંદર પ્રતિરૂપ-'સ્વર્ગના ભાવકલ્પનરૂપે' રજૂ થઈ છે. તેથી સમગ્ર રચના અત્યંત ભાવવાહી, રસમય બનવાની સાથે સાચા કવિતાપ્રેમી હૃદયોને સંતર્પક બને એવી કલાપૂર્ણ થઈ છે.

'સ્વર્ગ' મનુષ્યોના સર્વ સુખોનું સરનામું ગણાય છે. તમામ દુઃખોમાંથી મુક્તિ અપાવવી એને માટે સહજ છે. પણ શ્રી 'મા' સર્વેશ્વરી જેવા જાગૃત આત્માઓ માટે તો એ સુખદુઃખના દ્વન્દ્વોમાંથી કાયમ મુક્ત કરી, શાશ્વત પ્રસન્નતાનું વરદાન બની, તેઓશ્રીની માનવીયતાનું ઊર્ધ્વીકરણ કરી, દૈવી સ્વરૂપમાં તેમને પ્રતિષ્ઠિત કરી રહે છે.

આ કાવ્યનો ધ્વનિ એ છે કે, શ્રી યોગેશ્વરજી જેવા સિદ્ધ સંત સ્વર્ગ તો સર્જે પણ એમાં પ્રવેશવાનો અધિકાર સિદ્ધ કરવો પડે. પૂ.શ્રી 'મા'એ કપરી સાધનાથી તે સિદ્ધ કર્યો છે.

જીવનના અન્ય ક્ષેત્રમાં તેમ અધ્યાત્મવિશ્વમાં પણ કશું એમ ને એમ મળતું નથી, મળી શકતું નથી. તમારે તે કમાવું પડે છે, કાવ્યનો આ સૂક્ષ્મ વ્યંજિત ધ્વનિ એને આગવું પરિમાણ અર્પે છે.

---

**'સાચા સંતો મનુષ્યને પૃથ્વી ઉપર જ સ્વર્ગનું નિર્માણ કરતાં શિખવાડશે. એટલે આપણો બધો પ્રયત્ન એ સમજવાનો હોવો જોઈએ કે સ્વર્ગ અહીં જ છે.'**



# ॥ 'પ્રકાશના પંથે'ની પ્રાણપ્રતિષ્ઠા ॥

જેમ 'શ્રીમદ્ ભગવદ્ગીતા' શ્રીકૃષ્ણની વાઙ્મયી શ્રીમૂર્તિ છે તેમ 'પ્રકાશના પંથે' સમર્થ સદ્ગુરુ શ્રી યોગેશ્વરજીની વાઙ્મયી શ્રીમૂર્તિ છે. એમાં પૂજ્યશ્રી 'મા' સર્વેશ્વરીની અદ્ભુત શ્રદ્ધા ભળતાં એની પ્રાણપ્રતિષ્ઠા થઈ જાય છે.

કૃતિ હંમેશાં વાંચનારના ભાવથી જ પ્રાણપ્રતિષ્ઠ થાય છે. સાચી કૃતિ જેટલી સર્જકમાં એટલી જ ભાવકના ચિત્તમાં જીવે છે. શ્રીકૃષ્ણ જેમ અર્જુનને સ્તરે બોલી રહ્યા છે, એમ પૂજ્યશ્રી યોગેશ્વરજી પણ પૂજ્યશ્રી 'મા' જેવા અધિકારી ભાવકને સ્તરે લખી રહ્યા છે.

સમગ્ર વિશ્વ પર કૃપા કરવા પોતાનો સાધનાપંથ આત્મકથારૂપે પૂ.શ્રી યોગેશ્વરજીએ સુલભ તો કરી દીધો. પણ કૃતિનું બાહ્ય ક્લેવર તપાસ્યાથી એ વિદ્વત્તા-પાંડિત્યનો વિષય બની રહે. કેવળ એનો શુકપાઠ કરી જવાથી પણ કંઈ ન વળે. ભાવકના જીવનમાં એ જીવાય નહિ તો કોઈ મતલબ ન રહે. કૃતિના પ્રાણ સાથે અનુબંધ રાખીને જીવવાથી જ એની સાર્થકતા સમજાય.

કહેવાયું છે કે, 'ન હિ જ્ઞાનેન સદૃશમ્ પવિત્રમ્ ઈહ વિદ્યતે' જ્ઞાન જેવું પવિત્ર અહીં બીજું કશું નથી કિન્તુ એક પરમ જ્ઞાનીનો બીજા પરમ જ્ઞાની સાથે સમાગમ કોઈક પુણ્યના બળે ને કેમે કરીને જ થાય. એમ 'પ્રકાશના પંથે'ના સર્જક અને ભાવક બંનેની ચેતનાનું રસાયણ અહીં એવી કમાલ સર્જે છે કે, સમગ્ર અધ્યાત્મવિશ્વનું એ ધન્યભાગ્ય બને છે. પરમ સદ્ગુરુની આત્મકથાનું સંક્ષિપ્ત પદ્યરૂપાંતર 'શ્રી યોગેશ્વરલીલામૃત' માત્ર

બાર જ દિવસમાં પૂજ્યશ્રી'મા' સંપન્ન કરી, લોકહૈયે પ્રતિષ્ઠિત કરી રહે છે.

પૂજ્યશ્રી'મા' 'પ્રકાશના પંથે'ના વાચક જ નહિ, એવા સાચા ચાહક, સાચા સાધક બન્યા કે આ સદ્‌ગ્રંથ જીવી બતાવ્યો છે, પુરવાર કરી આપ્યું છે કે, પોતાનું સમર્પણ કોઈ વ્યક્તિચેતના પૂરતું સીમિત નથી, સદ્‌ગ્રંથમાં પ્રતિફલિત સદ્‌ગુરુના 'સમગ્ર ચૈતન્યસ્વરૂપ'ને તેમણે સંપૂર્ણપણે પિછાન્યું છે. તા. ૨૪ ડિસેમ્બર, ૧૯૭૭ માટે પૂજ્યશ્રી 'મા'એ લખ્યું કે; 'આધ્યાત્મિક જગત માટે આ પરમ પવિત્ર દિવસ ગણાય. કેમકે, પૂ.શ્રી ગુરુદેવ પ્રભુ શ્રી યોગેશ્વરજીની આત્મકથા 'પ્રકાશના પંથે'નો એ પ્રકાશનદિન છે.'

તે રાતથી જ તેઓશ્રીએ 'પ્રકાશના પંથે'નું વાંચન શરૂ કરી દીધું. તા. ૨૯ મીએ ગ્રંથ પૂર્ણ થઈ જતાં પૂજ્યશ્રી'મા'ને થયું : 'આ પ્રગટ પ્રભુ સ્વયં પૃથ્વી ઉપર આપણા માટે જ પધાર્યા છે. એમનો જ અખંડ સહવાસ પ્રાપ્ત થઈ જાય તો ? એમના શ્રીચરણે અખંડ નિવાસ કરવા જેવો છે.' અનુભવ્યું કે, 'તમામ તર્કવિતર્કોને વિદાય કરી દેવાના છે. સઘળા પ્રશ્નોના પ્રત્યુત્તરો મળી ગયા છે.'

આમ, 'પ્રકાશના પંથે' પૂજ્યશ્રી'મા'ના જીવાતા જીવનનો એક અવો અંશ બની ગયો કે, એ જ દિવ્યતાનું પૂજન-અર્ચન સ્વરૂપ બની ગયો. પરિણામે 'Act of living became the worship of Divine.' અને સદ્‌ગ્રંથની 'સહજ પ્રાણપ્રતિષ્ઠા' થઈને જ રહી.

**—સંકલન**



# ॥ 'પ્રકાશના પંથે'ની પરિક્રમા ॥

[પ્રસ્તુત અંકમાં (માર્ચ ૨૦૨૧, 'અધ્યાત્મ') 'પ્રકાશના પંથે'ના કેટલાક 'ગદ્યાંશો' પૂજ્યશ્રી'મા'એ પસંદ કરી, મોકલાવેલા, એક ટચૂકડી નોંધ સાથે કે; 'અધ્યાત્મમાં લઈ શકાય.' ને આપ જોઈ શકો છો કે, પૂજ્યશ્રી'મા'ની કૃપાથી એ નાનકડા પ્રદીપોથી 'અધ્યાત્મ'નો ખૂણેખૂણો કેવો ઝળહળી ઊઠ્યો છે ! પૂજ્યશ્રી'મા'એ કરેલું જરાક અમથું ટપકું કેવું કેન્દ્રરૂપે સોહે છે !

'પ્રકાશના પંથે'નાં સનાતન-શાશ્વત મૂલ્યોની ઓળખ પૂજ્યશ્રી'મા'એ કેટલી ખંત અને ખૂબીથી કરાવી છે. અને એ નિમિત્તે 'કૃતિની અવતરણક્ષમતા'ને કેટલી સુંદર રીતે ઉપસાવી આપી છે ! ગ્રન્થનો મહિમા આ મૌક્તિકોથી કેવો સોહી રહ્યો છે ! આવો, આપણે સૌ એની પરિક્રમા કરી કૃતાર્થ થઈએ.]

પૂજ્યશ્રી 'મા'એ પસંદ કરેલ 'પ્રકાશના પંથ'ના આ ગદ્યાંશોમાંથી પસાર થનાર અનુભવી શકશે કે, આ આત્મકથા એક વિભૂતિની અંગત કથા જ નથી, એમાં અનેક સ્થળે પ્રગટ પૂજ્યશ્રી યોગેશ્વરજીની વૈશ્વિક નિસબત એને એના સાર્વત્રિક, સર્વતોગામી, વિશ્વકલ્યાણના ઊર્ધ્વતમ આશયને પારદર્શક રીતે રજૂ કરનારી સમષ્ટિને સ્પર્શતી સંવેદનાનું કંડારાયેલું શ્રેષ્ઠ ગદ્યશિલ્પ બનાવી રહે છે.

સાચે જ 'પ્રકાશના પંથે' જેવું સનાતન મૂલ્યો ધરાવતું પુસ્તક કદી કાલબાહ્ય થતું નથી. આ સદ્‌ગ્રંથ માણસની નિરપેક્ષ સેવા કરે છે. માનવીયતાનું દિવ્યતામાં રૂપાંતર કરવાની ચાવી અહીં મળે છે.

જેમ સૂર્ય બધાંને સરખો પ્રકાશ આપે એમ આ પુસ્તક પણ પોતાનામાં સમાયેલું જ્ઞાન બધાંને સરખે ભાગે વહેંચે છે. એ જ્ઞાન સાથે આનંદ પણ આપે છે. શરત એટલી કે ભાવક સંવેદનશીલ, હોય ગ્રહણક્ષમ હોય, વિવેકી હોય તેમજ સુરુચિસંપન્ન હોય.

પૂજ્યશ્રી'મા' એ જે રીતે આ સદ્ગ્રંથનું ગૌરવ કર્યું છે, એ અધ્યાત્મના ઈતિહાસમાં બેનમૂન કહી શકાય એવી ઘટના છે. બહુ ઓછા જાણતા હશે કે, 'સ્વર્ગારોહણ'માંથી સમગ્ર અંબાજીમાં આ સદ્ગ્રંથની શોભાયાત્રા યોજવામાં આવેલી, આ સદ્ગ્રંથની પાલખી 'સ્વર્ગારોહણ'માં પુનઃ પ્રવેશી ત્યારે એમાં પ્રતિષ્ઠિત 'પ્રકાશના પંથે'ને સત્કારવા પૂજ્યશ્રી'મા' એ પ્રવેશદ્વારથી માંડી 'સાધનાકુટિર' સુધી સળંગ 'પ્રકાશના પંથે'ની સન્મુખ રહીને પ્રત્યેક પગલે પ્રણામપુષ્પ અર્પણ કર્યા. સમર્થ સંતની જીવનકથા એટલે એ પોતે જ પ્રત્યક્ષ પધારી રહ્યા છે એવી મંગલ ભાવના સાથે એ પ્રણામપૂજા થઈ.

એક ગંભીર, ગહન આત્મકથાનો સરળ, સર્વસુલભ પૂજ્યશ્રી'મા' એ કરેલો પદ્યાનુવાદ 'શ્રીયોગેશ્વરલીલામૃત' તો સાક્ષાત્ 'મા' સરસ્વતીનો કૃપાપ્રસાદ છે.

'પ્રકાશના પંથે'નું આ પ્રત્યક્ષ સ્થૂળ સન્માન કરીને પૂજ્યશ્રી'મા' અટકી ન ગયાં. ૨૪-૨૪ વિદ્વાનો-તજ્જ્ઞોને આમંત્રી સદ્ગુરુશ્રીની આ 'આત્મકથાનાં વિવિધ પાસાં' પોંખવા વ્યાખ્યાનસત્રોનું આયોજન કર્યું.

'પ્રકાશના પંથે'ની અંગ્રેજી અનૂદિત રચનાઓને પણ બહુ વિશિષ્ટ રીતે પૂજ્યશ્રી'મા'એ વધાવી છે.

'પ્રકાશના પંથે' આત્મકથા પરથી સંક્ષિપ્ત પુસ્તકોને પણ પૂજ્યશ્રી'મા' બહુ પ્રેમથી પ્રકાશમાં લાવ્યા છે.



'પ્રકાશના પંથે' પર સંપૂર્ણ આધારિત 'અધ્યાત્મનો અનસ્ત સૂર્ય' પૂજ્યશ્રી યોગેશ્વરજીના જીવનચરિત્રની આભા પ્રસારવા પણ પૂજ્યશ્રી'મા' કટિબદ્ધ રહ્યાં છે. એના અંગ્રેજી, મરાઠી અનુવાદોને પણ પ્રોત્સાહન આપ્યું છે.

ખરેખર 'પ્રકાશના પંથે'નો મહિમા કરીને કૃતિની આંતરસમૃદ્ધિ જગત સમક્ષ મૂકવા પૂજ્યશ્રી'મા' એવાં મથ્યાં છે કે, સોક્રેટીસની જેમ આપણને કહેવાનું મન થાય કે, 'આપણી સામે જો કોઈ 'પ્રકાશના પંથે' જેવો ઉત્કૃષ્ટ સદ્ગ્રન્થ ધરી, પાછલે પગે પૃથ્વીની પરિક્રમા કરે તો એ સદ્ગ્રન્થ મેળવવા સુજ્ઞ વાચક એ ભાવક સાથે પૃથ્વીની પરિક્રમા કરવા તૈયાર ન થાય તો જ નવાઈ !'

અલબત્ત, આવો યોગ થવો દુર્લભ છે. પણ આપણા સદ્ભાગ્યે આપણને 'ઉત્તમ સર્જક' અને 'ઉત્તમ ભાવક'નો સુયોગ પ્રાપ્ત થયો છે.

તો 'પ્રકાશના પંથે'ની માનસિક પરિક્રમા કરીએ અને એ નિમિત્તે એના સર્જક પૂજ્યશ્રી યોગેશ્વરજી તેમ જ કૃતિના અનુસર્જક પૂજ્યશ્રી'મા'ને પુનઃ પુનઃ પ્રણમી ધન્ય બનીએ.

**–સંકલન**

આ પ્રકરણને સાંભળવા માટે QR કોડ સ્કેન કરો.

## ॥ 'પ્રકાશના પંથે'ના શાશ્વત ઝળહળ ગદ્યાંશો ॥

**॥ મહાપુરુષોના બે પ્રકાર ॥**

આ સંસારમાં બે પ્રકારના મહાપુરુષો છે. પહેલા પ્રકારના મહાપુરુષો શરીરનો ત્યાગ કરીને પરમાત્મામાં સંપૂર્ણપણે મળી જાય છે અથવા એક થઈ જાય છે કે પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ ટકાવી રાખવામાં રસ ધરાવતા નથી. પરંતુ બીજા પ્રકારના મહાપુરુષોનું બંધારણ જરાક જુદું હોય છે. તેમણે પરમાત્મા સાથે એકતા સાધી લીધી હોવા છતાં શરીર છોડ્યા પછી તે પરમાત્મામાં પૂરેપૂરા મળી જતા નથી. તે વિચારે છે કે આપણે તો પરમાત્માનો સાક્ષાત્કાર કરીને જીવનમુક્તપદે પહોંચી ગયા પણ હવે બીજાને પૂર્ણતા ને મુક્તિનો માર્ગ બતાવીએ : બીજાને પરમાત્માનો સાક્ષાત્કાર કરવાના કલ્યાણ કામમાં મદદ કરીએ, ને સંસારમાં ઈશ્વરનો સંદેશ ફેલાવીએ. એવા પુરુષો જરા વધારે પ્રેમાળ ને પરગજુ સ્વભાવના હોય છે. લોકસંગ્રહમાં માને છે તેથી શરીરને છોડી દીધા પછી પણ પોતાના અલગ અસ્તિત્વને ટકાવી રાખે છે. તેમાંના કોઈ સૂક્ષ્મ શરીરે તો કોઈ સ્થૂળ શરીરે પણ રહે છે. તે સિદ્ધ ને મુક્ત કોટિના હોય છે.

તે પુરુષો પોતાની ઈચ્છાનુસાર શરીર ધારણ કરે છે અથવા જન્મે છે. પણ તેમને બાળપણથી જ પોતાના મૂળ સ્વરૂપનું જ્ઞાન હોય છે ને પોતે જે હેતુ માટે શરીર ધારણ કર્યું છે તેનો પણ ખ્યાલ હોય છે. તે સંસારમાં ફસાતા નથી બાળપણથી જ પ્રભુને પંથે વળી જાય છે; પોતાના જીવન દ્વારા તે કેટલાય લોકોનું કલ્યાણ કરે છે; ને પોતાનું કાર્ય પૂરું કરીને પોતાના મૂળ સ્વરૂપમાં મળી જાય છે. કેટલીકવાર તેમના દ્વારા સંસારમાં



વ્યાપક રીતે અસર કરનારાં મોટાં કામો થાય છે તો કેટલીકવાર ધર્મપ્રચાર પણ થાય છે. એવા 'અવતારી પુરુષો'ને શાસ્ત્રોમાં 'કારક પુરુષ' પણ કહેવામાં આવ્યા છે. તેવા પુરુષો જ્યારે તેમને યોગ્ય લાગે ત્યારે કોઈ જાતની હરકત વિના, પરમાત્મામાં સંપૂર્ણપણે મળી જઈને પોતાના સ્વતંત્ર વ્યક્તિત્વને શાંત પણ કરી શકે છે.

જે મહાપુરુષો પરમાત્મામાં મળી ગયા છે તેમાંના કોઈનું દર્શન કરવાની ઈચ્છા હોય તો પણ તે ઈચ્છા પરમાત્માની કૃપાથી પૂરી થઈ શકે છે; અથવા પરમાત્મા પોતે તે મહાપુરુષના સ્વરૂપમાં પ્રકટ થઈને સાધકને શાંતિ આપે છે. પણ તેવું કોઈકવાર જ બને છે.

–(Page 368-369)

❋

**॥ યાત્રી ॥**

યાત્રા કરનારા માણસોમાંના મોટા ભાગના માણસો કેવળ ફરવાને માટે યાત્રા કરે છે. કેટલાક શોખને ખાતર તો કેટલાક પુણ્યની પ્રાપ્તિ માટે યાત્રા કરે છે. તેવા માણસોએ યાત્રાની મદદથી જીવનને વધારે ને વધારે પુણ્યમય કરવા પ્રયાસ કરવો જોઈએ. જે કામ કરવામાં આવે તે આંખો મીંચીને કે કેવળ શોખને ખાતર ના થવું જોઈએ. તેની પાછળ પૂરતો વિચાર હોવો જોઈએ. એમ થાય તો કર્મ કેવળ જડ કર્મ ન રહે પણ જીવનને ચેતનાનું દાન દેનારો એક પ્રકારનો યજ્ઞ અથવા યોગ થઈ જાય. વૃંદાવન જેવા પવિત્ર સ્થાનની યાત્રાએ આવનાર માણસ વ્યસનોથી મુક્તિ મેળવવાનો નિશ્ચય કરે, દુર્ગુણોને દૂર કરી સદ્‌ગુણોને કાયમ કરે, ને સત્કર્મી બને, તો તેનું જીવન વધારે ઉજ્જવળ ને પુણ્યમય બની શકે. પ્રભુની પ્રસન્નતાને પ્રાપ્ત

કરવાની ભૂમિકા પણ એ રીતે સહેલાઈથી તૈયાર થઈ શકે. તે ઉપરાંત ભગવાનની લીલા ને શક્તિને તે યાદ કરે, સંસારની મમતા અને આસક્તિને ઓછી કરીને ભગવાનની કૃપાને પામવાનો પ્રયાસ કરે, યાત્રા પૂરી કરીને ઘેર ગયા પછી પણ એ કાર્યક્રમ કાયમને માટે ચાલુ રાખે તો યાત્રા તેને માટે પુણ્યદાયક થઈ પડે.

જ્ઞાનદૃષ્ટિએ વિચાર કરવાથી સમજાશે કે સમસ્ત સંસાર વૃંદાવન છે. સંસારમાં એવું એકે સ્થાન નથી જ્યાં ભગવાન ના વિરાજી રહ્યા હોય. જડ ને ચેતનમાં તે જ છે. એટલું જ નહિ પણ જે દેખાય છે અને અનુભવાય છે તે તેમનું જ સ્વરૂપ છે. પણ અહંકાર, મમતા અને અજ્ઞાનને લીધે તેમનું દર્શન થઈ શકતું નથી. અજ્ઞાનનું આવરણ દૂર થઈ જાય તો બધે તેમનું દર્શન થઈ શકે અને આ સૃષ્ટિ વૃંદાવન, કાશી કે અયોધ્યા જેવી મંગલ બની રહે. કવિએ એ જ અર્થમાં કહ્યું છે કે, 'ઘટઘટમાં નાથ સમાયા.'

જે બહાર છે એ અંદર પણ ક્યાં નથી ? તન, મન, અંતરમાં એ જ રમી રહ્યા છે ને મધુરી વાંસલડી વગાડી રહ્યા છે. એટલે વૃંદાવન જેમ બહાર છે તેમ અંદર પણ છે. અંદર પણ એ જ પ્રભુની લીલા થઈ રહી છે ને તેમની જ શક્તિ કામ કરી રહી છે. જીવનની યાત્રામાં તે પ્રભુની અંદર ને બહાર ઝાંખી કરવા સમજુ સ્ત્રીપુરુષે પ્રયાસ કરવાની આવશ્યકતા છે. સાધારણ યાત્રા ત્યારે જ સફળ થઈ શકે. યાત્રાને એમ જીવનની સાધનાનું મહત્ત્વનું અંગ બનાવવું જોઈએ.

–(Page 411)



### ॥ હોવત સોહિ જો રામ રચિ રાખા ॥

'होवत सोहि जो राम रचि राखा' 'રામે રચ્યું હોય છે તે જ થઈને રહે છે.' એ કેટલું સાચું છે ? માણસને કલ્પના કે સમજ ના હોય તો પણ તે જ થાય છે. તો પછી માણસ આ સત્યને સમજી જાય ને રામની ઈચ્છાને જીવનમાં જોતાં શીખે તો ? કેટકેટલાં દુઃખ ટળી જાય, પરિતાપ શમી જાય, ને ક્લેશમાંથી માણસ બચી જાય ? પણ ઝેરી સર્પની જેમ નિરંતર ફણા ઊંચી કરીને ઊભેલું પેલું અહંકર્તાપણાનું અભિમાન છૂટવું મુશ્કેલ છે. વાંદરીનાં બચ્ચાં જેમ માના પેટ સાથે વળગી રહે છે તેમ માનવમનને તે મજબૂત રીતે વળગ્યું છે. તે છૂટવાથી જીવનની ઘણી સમસ્યાઓનો સુખદ ઉકેલ આવી જાય છે. માણસ કર્તવ્ય કરે છે પણ તેના ફળ કે પરિણામથી નિર્લેપ રહે છે, ને બીજાને પણ પૂરી સહાનુભૂતિથી જોતાં શીખે છે. ઈશ્વરના એ અલૌકિક વિધાનને ઓળખતાં શીખવું તે જીવનનો મોટો પુરુષાર્થ છે.

અમે રમણ મહર્ષિનાં દર્શને રમણાશ્રમમાં પહોંચ્યા ત્યારે સવારનો વખત હતો. આશ્રમમાં જઈને સરસામાન મૂકીને સીધા જ મહર્ષિનાં દર્શને ગયા. અમારી પહેલાં જે ત્રણ-ચાર માણસો હતાં તેમણે સૌએ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. અમે પણ પ્રણામ કરીને બધાંની સાથે જમીન પર બેસી ગયા.

વાતાવરણ શાંત હતું. મહર્ષિ ઊંચે સોફા જેવા આસન પર બેઠેલા. ખંડમાં ૪૦ જેટલા દર્શનાર્થી શાંતિથી મહર્ષિ સામે જોતા બેઠા હતા. મહર્ષિ કૈંક વાંચવાનાં કામમાં રોકાયેલા. થોડીવાર પછી તેમણે વાંચવાનું બંધ કર્યું ને પ્રેક્ષકો સામે જોવા માંડ્યું.

મહર્ષિની મોટી ઉંમર તેમના ચહેરા પરથી સહેલાઈથી

જણાઈ આવતી. તેમના મસ્તકમાં થોડો કંપ થતો, છતાંય તેમના મુખ પર ગંભીરતા, શાંતિ ને નિર્વિકારિતા જણાઈ આવતાં. એ ગંભીરતા આત્માને શોધીને તેની સાથે એકરૂપ થઈ ગયેલા જ્ઞાની પુરુષની ગંભીરતા હતી. એટલે તેમાં રસના બાહ્ય શોધકોને રસ ના મળે એ દેખીતું છે. પરંતુ જ્ઞાનનો પણ રસ હોય છે. અલબત્ત, તે સંપૂર્ણ શાંત રસ હોય છે. મહર્ષિની મુખાકૃતિમાં તે રસ સ્પષ્ટ જણાતો. મહર્ષિનું વ્યક્તિત્વ એકંદરે પ્રભાવોત્પાદક બિલકુલ ના જણાયું. પહેલી દૃષ્ટિએ છાપ પાડી જાય ને પોતાના વ્યક્તિત્વથી અસર કરી જાય એવા કેટલાક મહાત્માઓ ભારતમાં છે. એમની આગળ મહર્ષિનું વ્યક્તિત્વ સાધારણ જણાયું. પરંતુ તેમની શાંત મુદ્રા, ગંભીરતા, બધું જ તેમની મહાનતાનું જયગાન કરનારું હતું ને મહાત્માઓનું મૂલ્ય કેવળ બાહ્ય પ્રભાવથી જ નક્કી નથી કરાતું. એમની અંદરની અવસ્થાનું અવલોકન પણ કરવું પડે છે. એમના અંતરંગ સંપર્કમાં આવીને એમના અંતઃસ્તલમાં અવગાહન કરવું રહે છે.

મહર્ષિની પાસે જતી વખતે મારા વિચારો જુદા હતા. હિમાલયમાં હું ઉત્તરકાશીમાં રહેલો તે દરમિયાન ધ્યાનાવસ્થામાં એક વાર મહર્ષિએ દર્શન આપેલું. તે વખતે રમણાશ્રમમાં તેમણે મારો પ્રેમપૂર્વક સત્કાર કરેલો ને મારી સાથે જુદી જુદી વાતો કરેલી. એ વખતથી લાગતું'કે મહર્ષિની મારા પર વિશેષ પ્રીતિ છે, ને તેથી જ જ્યારે તેમનાં પ્રત્યક્ષ દર્શને જવાનું થયું ત્યારે તો નિઃશંક રીતે લાગ્યું કે મહર્ષિ આનંદપૂર્વક મને આવકાર આપશે. પરંતુ...

જે હંમેશાં આત્માનંદમાં જ સ્થિત છે, જેને જગતમાં આત્મા



વિના બીજું કોઈ ભેદદર્શન રહ્યું નથી, જે બધામાં પોતાને જ જુએ છે, ને જેની અપાર્થિવ દૈવી વાણી દરેકના અંતઃસ્તલમાં પહોંચી જાય છે, તેને બોલી બતાવવાનું શું, તેને સત્કાર પણ કોનો કરવાનો, ને કોને તેણે વધારે કે ઓછા પ્રિય ગણવાનાં ? એ ભેદ અને એમાંથી આવિર્ભાવ પામતા ભાવો તો આપણી એ દુનિયામાં છે, જેનો પાયો ભેદ ને ચંચળતા પર રચાયેલો છે અને આ કાંઈ એક જ દૃષ્ટાંત નથી. ભારતમાં આવા ઋષિવરો કે સંત મહાત્માઓ બીજા પણ છે. દૂર હિમાલયના હિમાચ્છાદિત પ્રદેશમાં વરસોથી ગંગોત્રીમાં વસતા કૃષ્ણાશ્રમજી અને એવા અન્ય મહાત્માનું બાહ્ય ઉદાસીન વર્તન રમણ મહર્ષિ જેવું જ છે. અલબત્ત, એમનામાં વિવિધ ભેદ છે. જેમ કે કૃષ્ણાશ્રમજી ખૂબ જ પ્રભાવશાળી, પ્રશાંત ને તિતિક્ષાસંપન્ન દેખાય છે. ને તેમને જોતાંવેંત જ કોઈ પુરાણ કે વેદકાલીન મહાત્મા પાસે બેઠા હોઈએ એવો ભાવ જાગે છે.

એટલે આવા મહાત્મા પુરુષો તમને ના બોલાવે કે લૌકિક રીતે આવકાર ના આપે તો તેમાં કાંઈ ખોટું માનવા જેવું નથી. તેવા પુરુષોને તેમની જ દૃષ્ટિથી જોવા ને સમજવા જોઈએ. તેથી ગેરસમજનો સંભવ નથી રહેતો.

છતાં આવા મહાત્મા પુરુષો-આટલી હદે પહોંચ્યા પછી લૌકિક રીતે વ્યવહાર કરી શકે છે. જેમકે વાર્તાલાપ, આવકાર, ઉપદેશ વગેરે અલબત્ત, તેમાં તેમને અહંતા-મમતા હોતાં નથી. એ કોટિના મહાત્મા પણ ભારતમાં અનેક થઈ ગયા છે; ને યુગપુરુષો વધારે ભાગે એ જ શ્રેણીના હોય છે. દયાનંદ, ચૈતન્ય મહાપ્રભુ, નાનક, રામકૃષ્ણ પરમહંસ, બુદ્ધ, વિવેકાનંદ વગેરે એ જ શ્રેણીનાં દૃષ્ટાંતો છે. તો પણ, પોતપોતાના સ્વભાવ પ્રમાણે

મહાત્મા બાહ્યરૂપે ગમે તે અવસ્થામાં રહે, તેનું મુખ્ય મૂલ્યાંકન તેના વિચારોની ઉચ્ચતા ને પવિત્રતા, તેની નિર્મમતા, અનાસક્તિ તેમ જ તેના વીતરાગીપણા પરથી થવું જોઈએ. તેનામાં પ્રકટ થતી દૈવી સંપત્તિની છાયા, તેની ભક્તિ કે તેની આધ્યાત્મિક અનુભૂતિ, એ જ તેને માપવાના ગજ હોઈ શકે.

એવા એવા વિચારોમાં ગરકાવ બનીને અમે મહર્ષિની સામે જોઈ રહ્યા. હિમાલયમાં આટલો વખત નિવાસ કરીને હવે મન માને તો મહર્ષિની પાસે ૨-૩ વર્ષ રહેવાની મારી ઈચ્છા હતી. તેથી જ હું મહર્ષિ પાસે આવેલો. પરંતુ વસ્તુસ્થિતિ જુદી જ થઈ. મહર્ષિ પાસે રહેવા મારું મન માન્યું નહિ. ખંડમાં બેઠો કે તરત જ મારા દિલના ભાવ પલટાવા માંડ્યા. ગયા પ્રકરણમાં મેં લખ્યું છે તેમ ઈશ્વર જ મારો સાચા સમયનો પથ-પ્રદર્શક બન્યો છે. મુશ્કેલ પરિસ્થિતિમાં કે મુંઝાયો હોઉં ત્યારે તે જ માર્ગ બતાવે છે. મને થયું કે હું કયાં આવ્યો ? આવ્યો તે તો સારું થયું કેમ કે મહર્ષિનાં દર્શનની મારી ભાવના પૂરી થઈ. પરંતુ આ સ્થળમાં મારાથી રહી શકાશે નહિ. મારે માટે તો હિમાલય જ બરાબર છે. ત્યાંની એકાંત કુદરતી જગામાં જ, જે રીતે આજ લગી કરી રહ્યો છું તે રીતે, હજી પણ હું મારો પરિપૂર્ણ વિકાસ સાધી શકીશ અને એ અવસ્થાએ પહોંચીશ જે આદર્શ હશે તેમ જ પૂર્ણ શાંતિ, મુક્તિ ને શક્તિની પ્રદાયક થશે. મારે માટે કોઈ પણ સ્થળે કોઈનીય પાસે રહેવું જરૂરી નથી એમ લાગ્યું. તે જ દિવસે-વધુ વિલંબ વિના-રમણાશ્રમ છોડવાનો મેં નિર્ણય કર્યો.

–(Page 426-27-28)

❀



**॥ મરજીવા ॥**

મહર્ષિ જેવા સિદ્ધ મહાપુરુષો પોતાની ઈચ્છા પ્રમાણે ગમે ત્યાં, ગમે ત્યારે, ને ગમે તેની પાસે જઈ શકે છે. આજે આવા મહાપુરુષો ઘણા છે. યોગ્ય આધ્યાત્મિક પ્રવાસી પાસે તે પ્રકટ થાય છે ને મદદ કરે છે. તેમને દેશકાલનાં બંધન નથી હોતાં. તે સર્વસમર્થ હોય છે. પણ માનવ સંસારની વાસના પાછળ એટલો પાગલ છે, બુદ્ધિનો એટલો દાસ છે, કે તે ઉપર જ ઊઠી શકતો નથી. પરિણામે જીવનના મહામોંઘા અનુભવો તેને નથી થઈ શકતા. જે મરજીવિયાની પેઠે સંસારની બાહ્ય આસક્તિ ને મમતા મૂકી દે છે ને તેના સ્વામી પરમાત્માને પામવા કમર કસી સાચે માર્ગે આગળ વધે છે તે અનેક અનુભવો મેળવે છે અને એક ધન્ય દિવસે પરમાત્માનું દર્શન કરીને પરમાત્મામય બની જાય છે. એવા મરજીવિયા મહાપુરુષો કરોડોમાં કોઈક જ નીકળે છે.

–(Page 437)

❀

**॥ મંદિરનાં આધ્યાત્મિક પરમાણુઓ ॥**

દક્ષિણેશ્વરનું મંદિર ઘણું જ વિશાળ હતું. જો કે દક્ષિણ ભારતનાં મંદિરોની ભવ્યતા તેમજ જૈન મંદિરોનું શિલ્પ તેમાં નથી. પરંતુ આધ્યાત્મિક પરમાણુઓ જીવંત બનીને ત્યાં ફરતાં હોય એમ લાગ્યા વિના રહેતું નથી. મંદિરની મહત્તા મારે મન તેના શિલ્પ કે સ્થાપત્ય અથવા તેની ભવ્યતામાં નહિ, પરંતુ તેની સજીવતામાં ને તેમાં રહેલી ચિરંતન શાંતિમાં છે. માણસના હૃદયને જેનું વાતાવરણ એક યા બીજી રીતે સ્પર્શી જાય અને અસર કરે તે મંદિર ગમે તેવું સાધારણ હોય છતાં મહાન છે. આ મંદિરમાં થોડાં જ વરસો પહેલાં જે મહાન વિભૂતિએ નિવાસ

કરીને પોતાના પ્રભુમય જીવનથી આધ્યાત્મિક પિપાસુઓને આકર્ષ્યા હતા તે મહાવિભૂતિનો પ્રભાવ હજી પણ કાયમ છે. તેના ઈશ્વરી ઉપદેશ, તેની સાધનાની શાંતિ ને ગંભીરતા જાણે કે આ સ્થળમાં મળી ગયાં છે અને આજે પણ સાધક કે જિજ્ઞાસુના હૃદય સાથે વાતો કરે છે. તેમાં પ્રવેશ કર્યો ત્યારે મારું દિલ અવર્ણનીય લાગણીથી હાલી ઊઠ્યું, નાચી રહ્યું. ને મેં મનોમન એ ભારતના ને વિશ્વના મહાપુરુષને નમસ્કાર કર્યા. જેના નામથી આજે ભાગ્યે જ કોઈ અજાણ હશે. ભગવાન શ્રીરામકૃષ્ણ પરમહંસ ! જેમના મહાન પટ્ટશિષ્ય વિવેકાનંદે પાછળથી ભારત તેમજ ભારતની બહારના દેશોમાં પોતાના ગુરુનો ને ભારતીય ધર્મ ને તત્ત્વજ્ઞાનનો મહિમા ગાજતો કરેલો. જેમનું જીવનચરિત્ર ચૌદ વરસની નાની વયે વાંચીને મારા દિલમાં ઈશ્વરી ભાવે જાગૃત થયેલા ને ઈશ્વરને 'મા-મા' પોકારીને સાક્ષાત્ કરવાના મેં પ્રયાસો કરેલા, તે મહાપુરુષની લીલાભૂમિમાં પ્રવેશવું એ મારે માટે મુક્તિના દ્વારમાં પ્રવેશવા બરાબર હતું. મારા સર્વે અંગોપાંગો આનંદથી આપ્લાવિત બન્યાં.

–(Page 440-441)

❁

**॥ પ્રાર્થના ॥**

રામકૃષ્ણદેવે જેની આજીવન ઉપાસના કરી હતી ને જે દેવને રાતદિવસ સાક્ષાત્ કર્યા હતા તે કાલીમાતા સામે ઊભા રહીને મેં હાથ જોડ્યા. મારા નેત્રો પ્રેમાશ્રુથી છલકી ઊઠ્યાં. 'મા ! કેમ અચલ છે ? તમારું દર્શન કરવા હું આટલે દૂરથી છેક હિમાલયથી અહીં આવ્યો છું અને તમે આમ મૂક કેમ છો ?



હાલો, વાત કરો, પ્રેમ કરો, ને મને સત્કારો ! તમે તો 'મા' છો. બાળકના અપરાધને ભૂલી જઈને પ્રેમ કરવો એ 'મા'નો ધર્મ છે. તમે મને પ્રેમ કરો, મારી સામે પ્રકટ થાવ તમારે આ સ્થળમાં તો જરૂર પ્રકટ થવું જ પડશે. આ તો તમારું જ સ્થળ છે.'

–(Page 442)

❁

**॥ ભારતનાં છૂપાં રત્નો ॥**

ભારતમાં એવાં છૂપાં રત્નો અનેક છે. એમને આપણે નથી જાણતા. કારણ કે પ્રસિદ્ધિની દુનિયાથી એ મોટેભાગે દૂર રહે છે. કેવળ પરમાત્માના પવિત્રતમ પ્રેમમાં મગ્ન હોય છે. એવી મગ્નાવસ્થાને જ પરમ શ્રેય કે પુરુષાર્થ માને છે એવા અસાધારણ અવસ્થા પર પહોંચેલા સ્વાનુભવસંપન્ન સત્પુરુષો ત્યાગ, પ્રેમ, શાંતિ તથા પરમાત્મભાવના પ્રતીક હોય છે. માનવનું સર્વોત્તમ સદ્‌ભાગ્ય હોય અને પરમાત્માની પરમ કૃપા થાય તો તેવા સત્પુરુષો અચાનક અથવા વિના શોધે જ મળી જાય છે. સારા સાધકોને તે સહાયતા પણ કરતા હોય છે. એમની એક જ દૃષ્ટિ, એમનો એક જ શબ્દ કે સ્પર્શ માનવના મનને પલટાવવા ને ધન્ય કરી દેવા માટે પૂરતો થઈ પડે છે. મારા જીવનમાં મને એવા લોકોત્તર મહાપુરુષો પોતાની મેળે મળ્યા છે, મદદરૂપ પણ બન્યા છે. એના પરથી આ કહી રહ્યો છું.

ભારતના 'આધ્યાત્મિક ધન' વિશે આપણે વિપરીત વિચારો ના સેવીએ ને નિરાશ ના બનીએ, આપણે એક રમણ મહર્ષિ, યોગીવર અરવિંદ અથવા એવા સુપ્રસિદ્ધ સંતપુરુષને જાણીએ છીએ, પરંતુ ભારતમાં એવા પણ અપરિચિત અથવા ઓછા ખ્યાત પૂર્ણકામ પ્રાતઃ સ્મરણીય પરમવંદનીય મહાપુરુષો છે,

જેમને કોઈએ અથવા અનેકે જાણ્યા નથી ને કોઈ જાણે એવી એમને આકાંક્ષા પણ નથી. આવા કપરા કાળમાં પણ ભારતમાં લોકોત્તર મહાપુરુષો પ્રગટે છે, તે વાત ભારતના ઉજ્જવળ આધ્યાત્મિક વારસાનું અને એના મહાન ભાવિનું દિગ્દર્શન કરાવે છે. આપણી આધ્યાત્મિક જવાબદારીને આપણે સમજવાની છે. એ જવાબદારીને સમજીને સામાન્ય જનતા સાચા મહાત્માઓની સેવા-સહાયતા કરે તથા તેમના ઉપદેશોને જીવનમાં ઉતારે. એમ થાય તો જ આપણા મહાન દેશની શાન સંસારમાં વધી શકે અને આપણું જીવન આધ્યાત્મિક તેમ જ સાંસારિક રીતે સફળ થાય. જ્યારે સત્ય, ધર્મ અને સત્પુરુષોના સદ્‌ઉપદેશોની આધારશિલા પર આપણે જીવનની નવરચના કરવા માંડીશું ત્યારે આપણી બધી જ બદીઓ દૂર થશે અને માનવ તરીકે આપણે સમુચિત અથવા સંપૂર્ણ ગૌરવથી જીવી શકીશું.

–(Page 452)

❊

## ॥ મેરુદંડ ॥

માનવોચિત આદર્શ જીવનવ્યવહાર એ આધ્યાત્મિક જીવનનો મેરુદંડ છે. ત્યાગી તથા સંસારી, વિવિક્તવાસી કે વસ્તીની વચ્ચે વસનારા સૌને માટે આવકારદાયક છે. આદર્શ જીવન જીવનાર કે જીવવાનો પ્રામાણિક પ્રયત્ન કરનારા કોઈ પણ એનાથી વંચિત ના રહી શકે. કોઈને પણ એનાથી વંચિત ના રહેવા દેવાય. એવા સંન્યાસીઓ આશ્રયની શોભા બનવાને બદલે શરમરૂપ થાય છે. એ વાત એમને સમજાય તો ? પરંતુ જ્ઞાનના તથા સર્વોત્તમ સદ્‌ગતિના સદાના ઈજારેદાર જેવા કેટલાક સંન્યાસીઓ સમજાવટની શાંત સુમધુર શબ્દાવલિને



સાંભળવા પણ તૈયાર નથી હોતા. એમની અંદર તિરસ્કાર, દંભ અને અહંકાર હોય છે. પરંતુ એમની સાથે પણ પ્રેમ, શાંતિ તેમજ સદ્‌ભાવથી જ કામ લેવું પડશે.

–(Page 458)

❊

## ॥ આપણાં દુઃખ ॥

આપણાં દુઃખ તથા દરદને જોઈને ગભરાવાનું કોઈ કારણ નથી. કારણ હોય તો પણ ગભરાવાથી કોઈ હેતુ નહિ સરે. દુઃખના નિવારણ અને સર્વ પ્રકારના વ્યાધિની મુક્તિ માટે ઈશ્વરનું શરણ લેવાની આવશ્યકતા છે. એ શરણ સાચા દિલથી લેવાનું જોઈએ. એની પાછળ સરળતા તથા નિષ્કપટતા હોવી જોઈએ. એનો અર્થ એવો નથી કે કેવળ દુઃખમાં જ ઈશ્વરનું શરણ લેવું જોઈએ. સુખ તથા દુઃખની પ્રત્યેક પરિસ્થિતિમાં આપણે ઈશ્વરપ્રેમથી પ્રેરાઈને ઈશ્વરની અધિકાધિક કૃપા માટે તલસવું જોઈએ. છતાં દુઃખનિવારણ માટે લેવાયેલું ઈશ્વરશરણ પણ વૃથા નથી, પરંતુ એ શરણ દુઃખના નિવારણ પછી પણ જીવનમાં સદાને માટે ચાલુ રહેવું જોઈએ. ઈશ્વર સર્વસમર્થ છે. એમને પ્રાર્થવાથી ને પોકારવાથી માનવનાં નાનાં મોટાં બધાં જ દુઃખદર્દ મટી શકે છે. સૌથી મોટો ભારેમાં ભારે ભવરોગ પણ ટળે છે, એવું સમજીને સૌએ વધારે ને વધારે શ્રદ્ધાભક્તિપૂર્વક ઈશ્વરસ્મરણ કરવું જોઈએ, પરંતુ માનવ સાચા વૈદ કે ડૉક્ટરને ભૂલી જાય છે-એટલી સાચી દવા પણ એના ખ્યાલમાં નથી આવતી. પરિણામે તે ગભરાય છે ને દુઃખના નિવારણને માટે મિથ્યા ઉપાયોને અજમાવે છે. એથી બાહ્ય વ્યાધિ કદાચ ટળે તો પણ આંતરિક વ્યાધિ નથી ટળતો. એ વ્યાધિને મટાડવામાં પરમ પુરુષાર્થ રહેલો છે. એટલા માટે બહારના ઔષધોને

અજમાવવાની સાથે સાથે માનવે ઈશ્વરના અનુસંધાનનું અને એના પરિણામે પ્રાપ્ત કરાતી ઈશ્વરની કૃપાનું અલૌકિક ઔષધ અજમાવવાની આવશ્યકતા છે.

–(Page 466)

❊

**॥ શાંતાશ્રમનું ગૌરવ ॥**

દેવપ્રયાગનો શાંતાશ્રમ મારે માટે અનેક રીતે આશીર્વાદરૂપ સાબિત થયો. એ સ્થાનમાં વસીને મેં જે વિચારો કર્યા, અનુભવો મેળવ્યા, સાધનાની સદ્‌બુદ્ધિપ્રેરિત સુનિશ્ચિત શ્રેયસ્કર યોજનાઓ ઘડી અને અનેરી અદ્‌ભુત શાંતિ મેળવી, એ બધાને લીધે શાંતાશ્રમને હું એક અલૌકિક દેવસ્થાન કે તીર્થભૂમિ માનું છું. મારા અંતરમાં એના પ્રત્યે એટલો જ અસાધારણ અપાર આદરભાવ છે. સાધનાત્મક જીવનનું અસાધારણ કઠોર તીવ્ર હૃદયમંથન અને એની દ્વારા સાંપડેલું નવનીત, એ ઉભયવિધ દૃષ્ટિથી દેખતાં શાંતાશ્રમનો ફાળો શકવર્તી છે. શાંતાશ્રમમાં મારો અંતરાત્મા એથી જ ઘર જેવો આનંદ અનુભવતો.

–(Page 430)

❊

**॥ સાધકે સ્વાવલંબી થવું ઘટે ॥**

શ્રેયાર્થી સાધક કે પોતાનો વિકાસ કરવાની ઈચ્છા રાખનારે સમજી લેવું જોઈએ કે પરાવલંબન એક પ્રારંભનું જ પગથિયું છે ને તેની જરૂર કાયમને માટે નથી રહેતી. જેણે આગળ વધવું છે તેણે છેવટે તો પોતાના પગ પર જ ઊભા રહેતાં શીખવું પડશે. પોતાના પુરુષાર્થ કે આત્મબળ પર શ્રદ્ધા રાખીને આત્મા કે



પરમાત્માના અવાજને અનુસરીને આગળ ધપવું પડશે, ને પોતાની પુંજીને વધારીને તેમાંથી જ પોષણ મેળવવું રહેશે. પરાવલંબન સાધકને માટે શોભા નહિ પણ એબ છે; ભૂષણ નહિ પણ દૂષણ ને સદ્‌ગુણ નહિ પણ દુર્ગુણ છે. પણ એકાદ બે દિવસમાં પોતાની જાતમાં શ્રદ્ધા જાગવાનું ને તેના આધાર પર આગળ વધવાનું કામ અશક્ય નહિ તો પણ અઘરું અવશ્ય છે. એમ પણ બને કે પોતાના જ અધૂરા બળે ચાલવામાં કાંઈ ના સૂઝે અને એવે વખતે કોઈના હાથની જરૂર રહે; તેટલા પૂરતી બીજાની મદદ નિરર્થક કે મિથ્યા નથી. પણ સદાને માટે તેનો ચેપ લાગવો ને તેની ઈચ્છા રહેવી નિરર્થક છે. સાધના કરનારે એ ખાસ સમજી લેવું જોઈએ.

–(Page 484)

❊

**॥ યોગની શક્તિ ॥**

યોગીએ યોગની વિવિધ પ્રક્રિયા દ્વારા તન ને મન પર પૂર્ણ કાબૂ મેળવ્યો હોય છે. સ્થૂલ ને સૂક્ષ્મ બન્ને શરીરનો તે સ્વામી બની જાય છે. તે ગમે ત્યાં જઈ શકે છે, ને સ્થૂલ શરીર દ્વારા મહાન આશ્ચર્યજનક કાર્યો કરી શકે છે. સંસારી માણસોને જે શક્તિની કલ્પનાય નથી હોતી તે શક્તિ એવા યોગી પુરુષોએ પ્રાપ્ત કરી હોય છે. દરેક મનુષ્યમાં એવી શક્તિને માટે સમુચિત વિકાસ કરવાની શક્યતા રહેલી છે. પણ પામર માનવ વિષયના રસમાં જ સર્વસ્વ માની લે છે, ઈન્દ્રિય ને મન બુદ્ધિના ક્ષેત્રમાં જ બંધાઈ જાય છે, ને તેથી જે અતીત છે, વિરાટ છે, એનો અનુભવ નથી કરતો. પરિણામે માનવશક્તિનો પૂરો ઉપયોગ

કરી શકાતો નથી. તેનો સંપૂર્ણ સદુપયોગ થાય તો માણસ ધાર્યો વિકાસ જરૂર કરી શકે.

–(Page 493)

❀

**॥ માતાજીને અંજલિ ॥**

માતાજીની અંતરંગ અવસ્થા સંસારની સર્વ સામાન્ય સ્ત્રીઓ કરતાં જુદી હતી. એ મહાન હતાં. એમનું હૃદય પવિત્ર, પ્રેમાળ અને પરગજુ હતું. આધ્યાત્મિકતાના સારતત્ત્વને સુચારુરૂપે સમજવાની એમની શક્તિ અસાધારણ હતી. મારા પર એમના જીવનની સરળતા ને સરસતાનો અગત્યનો આધાર હોવા છતાં એમણે મારા માર્ગનો કોઈવાર વિરોધ નહોતો કર્યો. સંસારની કોઈક સામાન્ય સ્ત્રીની જેમ સાંસારિક સુખાકારીનાં સ્વપ્નાં સેવવાને બદલે સંસારના મિથ્યાતત્ત્વને ને ઈશ્વરપ્રાપ્તિની ઉપકારકતાને સ્પષ્ટ રીતે સમજીને એ ઈશ્વરની અધિકાધિક કૃપાપ્રાપ્તિની આકાંક્ષા રાખતાં. એવી માતા જગતમાં જવલ્લે જ જોવા મળે. અસાધારણ જન્માંતર સંસ્કારો, પૂર્વના પ્રબળ પુણ્યોદય અને ઈશ્વરના અલૌકિક અનુગ્રહ સિવાય એવું મંગળમય માતૃપદ નથી સાંપડી શકતું. અવતારી અથવા મહાન પુરુષોની માતાઓમાં પણ એવી માતાઓ ભાગ્યે જ થઈ શકે છે, જેમણે પોતાનાં સંતાનોને જીવનના ઉષાકાળમાં આધ્યાત્મિક પ્રગતિના પવિત્ર પંથે પ્રયાણ કરતાં પેખીને એમનો વિરોધ ના કર્યો હોય, એમના માર્ગમાં અંતરાયો ઊભા ના કર્યા હોય, એમના આદર્શો અથવા સિદ્ધાંતોને સહાનુભૂતિપૂર્વક સમજીને એમના પ્રત્યે માન કેળવ્યું હોય, અને એમની સાથે રહી, સેવા કરી, જીવનની શાંતિ મેળવી હોય. માતાજી એ દૃષ્ટિએ એક



અસામાન્ય અપવાદરૂપ અલૌકિક માતા હોવાથી મને એમના પ્રત્યે અનેરો આદરભાવ હોય એ સમજી શકાય તેમ હતું. એવી માતાઓ સમસ્ત વિશ્વને માટે વંદનીય કહેવાય.

–(Page 540)

❀

**॥ મરણનો પ્રભાવ ॥**

મરણનો પ્રભાવ કેટલો મહાન છે ! ઈશ્વરની જેમ તે પણ સર્વવ્યાપક છે. એ મહાન સત્યને જ્ઞાનીઓએ 'નામ તેનો નાશ' એ શબ્દોમાં સાકાર કર્યું છે. જગતની પ્રત્યેક વસ્તુ–ચાહે મોટી કે નાની, વૈભવી કે દરિદ્ર, ગમે તેવી હોય, પણ છેવટે મૃત્યુને વશ છે. આટલી સમજ દિલમાં ઠસી જાય તો માણસ જીવનની ગમે તેવી આકર્ષક છતાંયે ક્ષણભંગુર વસ્તુ કે વ્યક્તિમાં આસક્ત થાય નહિ. આસક્તિ ને મમતાની આ ગાંઠ તોડવા માટે જ મહાપુરુષો ને શાસ્ત્રો જીવનની ક્ષણિકતાનો વારંવાર ઉપદેશ આપે છે. દુનિયામાં કોઈ સ્ત્રીની પાછળ બરબાદ થાય છે, કોઈ ધનદોલત ને જાગીરમાં લપટાય છે, તો કોઈ શરીર ને સંતાનમાં આસક્ત થાય છે : જુદી જુદી વસ્તુને માટે કાવાદાવા પણ કાંઈ ઓછા થતા નથી. આ બધાનું કારણ માણસનું ઘોર અજ્ઞાન છે : જીવનની વાસ્તવિકતા પ્રત્યેનું તેનું અજ્ઞાન છે. જેનું એ અજ્ઞાન ટળ્યું છે તે તો જે સનાતન છે તે ઈશ્વરમાં જ આસક્ત થશે, ને એ રીતે અમરપંથનો યાત્રી બનશે. બીજો કોઈ અમૃતપદ મેળવવાનો માર્ગ નથી. આ પદ જેણે મેળવ્યું છે તેને કોઈ ભય નથી : બીજાને માટે મૃત્યુ ને જીવનના અનેક જાતના ભય ઊભા છે.

–(Page 545)

**(પ્રકાશનાપંથે ભાગ-૧)**

❀

## ॥ રોગ, દુઃખ ને મૃત્યુ ॥

રોગ, દુઃખ ને મૃત્યુ પાસે માનવીનું કૈં જ ચાલતું નથી. ભલભલા પુરુષો પણ તેની આગળ ડગી જાય છે. મૃત્યુ ને બીમારી જેવાં કષ્ટો જીવનમાં પડેલાં છે. સમજુ માણસને તો આ બધું વિચારીને જીવનમાં લેશ પણ મમતા થાય તેમ નથી. જીવનમાં મમતા થવાનું પ્રબળમાં પ્રબળ કારણ એક જ છે કે આ જીવન દ્વારા માનવ પૂર્ણ બની શકે છે : જીવનમાં દુઃખ, દર્દ ને મૃત્યુની ચોક્કસતાની વચ્ચે જીવીને પણ માનવ ઈશ્વરનું દર્શન કરીને મુક્ત બની શકે છે; ને સર્વ દુઃખથી પર થઈને અમૃત પદને મેળવી લે છે. આ જ વિશેષતાને કારણે જીવન જીવવા યોગ્ય, પોતાની તેમ જ બીજાની સેવા કરવા યોગ્ય બને છે નહિ તો આવા અપૂર્ણ, દુઃખ ને દર્દથી ભરેલા જીવનનો કોઈ જ અર્થ રહેત નહિ. મહાપુરુષોએ આ શરીરને મોક્ષનું દ્વાર કહ્યું છે તે આ જ કારણથી પણ માણસ વિચારવા ને વર્તન કરવા સ્વતંત્ર છે. જીવન કે શરીરને મોક્ષનું કે બંધનનું દ્વાર બનાવવાનું તેના પોતાના હાથમાં છે.

–(Page 022)

**('પ્રકાશના પંથે' ભાગ-૨)**

❀

## ॥ પૂર્ણ થયે જ છૂટકો ॥

શરીર બીમાર થાય કે બગડે, શક્તિ રહે કે ના રહે, પૂર્ણતાની પ્રાપ્તિનો સ્વાર્થ સાધ્યા વિના સમજુ માણસને છૂટકો નથી. એવો સ્વાર્થ સાધવાની સમજ જેને ના સાંપડી હોય તેનું જ્ઞાન, બળ કે તેની બુદ્ધિ શા ખપની ? સંસારમાં આવીને માણસે ઈશ્વરપ્રાપ્તિ કે પૂર્ણતાની સિદ્ધિ કરી જ લેવાની છે. તે વિનાની



લૌકિક પદાર્થોની પ્રાપ્તિ કૈંજ મહત્ત્વની નથી. તે જ પંડિત છે, તે જ ગુણવાન, જ્ઞાની કે ચતુર છે, જે એ ધ્યેયને પ્રાપ્ત કરીને પૂર્ણ શાંતિ ને મુક્તિને મેળવી લે છે. ધની પણ તે જ છે ને ઉચ્ચ પ્રકારનું આધ્યાત્મિક ધન મેળવી લે છે. જેને એવા ધનની ભૂખ જાગી નથી તેના જેવો અભાગી માણસ આ દુનિયામાં બીજો કોઈ નથી. પૈસા નહિ હોય તો ચાલશે, પ્રતિષ્ઠા નહિ મળે તે પણ ચાલશે, ને સ્ત્રી-પુત્ર, વૈભવ ને ધામ વિના પણ કાંઈ જીવન અટકશે કે અભિશાપરૂપ નહિ બને. પણ આ બધું હશે ને ઈશ્વરપ્રાપ્તિની ભૂખ નહિ હોય, આત્માની જાગૃતિ દ્વારા ભેદ ને અજ્ઞાનનાં આવરણો દૂર નહિ થયાં હોય તો જીવનમાં મોટામાં મોટી ખોટ છે, એ ચોક્કસ જાણવું. મનુષ્ય તરીકે મનુષ્યની ફરજ સૌથી પહેલાં દાનવતાને દૂર કરીને માનવ બનવાની છે; ને પછી પોતાનાં બળબુદ્ધિનો ઉપયોગ પોતાની જ અંદરની પ્રકૃતિને વશ કરવામાં કરવાનો છે.

–(Page 25)

❀

## ॥ ઈશ્વરી પ્રેમની અનન્યતા ॥

લોભી માણસ ગમે તે વાતાવરણમાં લોભી પ્રવૃત્તિ ના છોડે, ને પતિવ્રતા સ્ત્રી પતિના જ વિચારોમાં મશગૂલ રહે, તેવી જ દશા ઈશ્વરના પ્રેમીની કે આત્મિક પથના પ્રવાસીની હોય છે. ગમે તેવા સંજોગોમાં તેનું મન ઈશ્વર તરફ લાગેલું રહે છે, ને પ્રવાસનું લક્ષ્યસ્થાન તે ભૂલતો નથી. આનું કારણ ઈશ્વરી પ્રેમનો રસાસ્વાદ છે. ઈશ્વરી પ્રેમના રસને જેણે ચાખ્યો તો હંમેશને માટે ઈશ્વરનો જ થઈ રહેવાનો, ને ઈશ્વર વિના તેને બીજું કૈં ભાવવાનું જ નહિ. જાગૃતિ, સ્વપ્ન ને સુષુપ્તિ, જડ ને ચેતન, બધે જ તેને ઈશ્વરનો નાદ સંભળાવાનો, ને ઈશ્વરના પવિત્ર

નામના ધબકાર તેના હૃદયમાં ને તેની દરેક ધમનીમાં સદાય થયા કરવાના. આ દશા ઘણી ઊંચી છે, ને તે મળ્યા પછી શાંતિ, આનંદ કે મુક્તિ દૂર રહેતી નથી. આત્મમાર્ગના પ્રવાસીએ આ અવસ્થાએ પહોંચવાનું છે. પછી તેને સ્થળ કે કાળનાં બંધન નડી શકશે નહિ. ઈશ્વર સાથે તેના આત્માનું અનુસંધાન હરેક ક્ષણે ચાલુ રહેશે, ને જે ભૂમિમાં તે રહેશે તે તેને માટે તીર્થધામ બનશે. આ દશાને માટે ચિત્તની ચંચળતા દૂર કરવાની ને ઈશ્વરપ્રેમને વધારવાની અનિવાર્ય આવશ્યકતા છે.

–(Page 30)

❈

**॥ સમાધિની અનુભૂતિ ॥**

ધ્યાનાવસ્થામાં કોઈ સિદ્ધપુરુષ કે દેવતાનું દર્શન કરીને અથવા સમાધિની આછીપાતળી અનુભૂતિ મેળવીને વધારે ભાગના સાધકો પોતાને કૃતાર્થ માની બેસે છે, ને સિદ્ધપુરુષોમાં પોતાની ગણતરી કરાવે છે. કેટલાક બીજાને તારવા માટે ગુરુ થઈને પણ નીકળી પડે છે. પણ એ સાધનાનું મોટામાં મોટું ભયસ્થાન છે એ યાદ રાખવું જોઈએ. બીજાને તારવા નીકળતાં પહેલાં માણસે પોતે પૂરી રીતે તરવાની જરૂર છે, ને પોતાની જાતને અપૂર્ણતા, અશાંતિ, ભય, ભેદ તેમ જ બંધનમાંથી તાર્યા પછી બીજાના તારણહાર થઈ શકાય છે. આધ્યાત્મિક અનુભવોની વિવિધતાથી આનંદ થાય છે ખરો, પણ તે અવસ્થા સાધકની કસોટી કરનારી છે. પરમ શાંતિ, મુક્તિ, પૂર્ણતા કે પરમાનંદનો પ્રવાસી એવા કામચલાઉ આનંદથી પોતાને મહાભાગ ને કૃતાર્થ માની લઈને પુરુષાર્થ છોડીને બેસે એ તેને માટે આત્મહત્યા જેવું લેખાશે. જુદા જુદા અનુભવોથી સાધકનો આનંદ વધવો જોઈએ તેની ના નથી. પણ તેની આત્મિક વિકાસના માર્ગમાં તેની શ્રદ્ધા વધુ મજબૂત બનવી જોઈએ. ને ઉત્સાહ ને આશા સાથે પૂર્ણતાની છેલ્લી ક્ષણ લગી તેણે સાધના કરવી જોઈએ.

–(Page 34)

❈

**॥ ગોવિંદને ભજવાની જરૂરત ॥**

ગોવિંદને ભજવાની જરૂરત જીવનમાં ઘણી જ છે. એ ભજવું એટલે કેવળ બોલવાનું કે ગાવાનું નથી પણ જીવનમાં ઉતારવાનું છે. જીવનને ઈશ્વરાભિમુખ બનાવવાથી માણસને અપાર યશ મળી શકે છે. જીવન જ્યારે ઈશ્વરાભિમુખ બનશે ત્યારે આપણા દર્દોનો કાયમી કામયાબ ઈલાજ સાંપડી જશે. જો બધા જ સાચા ધર્મનું આચરણ કરે તો સંસારમાંથી અનીતિ, અન્યાય, અધર્મ ટળી જાય ને સત્યતા, પ્રેમ, સહકાર કે નિર્ભયતા માણસ માત્રમાં આવી જાય. આજે જે અન્યાય કે ઘર્ષણ થઈ રહ્યાં છે. તેનાં બાહ્ય કારણો ગમે તે હોય, મૂળભૂત કારણ માનવનો સ્વાર્થ, મદ ને લાલસા છે. સાચા ધર્મના આચરણ દ્વારા એક એબ ટળી જાય છે, ને માનવ નિઃસ્વાર્થ, નમ્ર ને સત્યપરાયણ બને છે. આ માટે ધર્મનો સ્વીકાર કર્યા વિના ચાલે તેમ નથી. ને ધર્મનો સ્વીકાર થયો એટલે જગતનું એક માત્ર ચેતનતત્ત્વ ઈશ્વરનો પણ સ્વીકાર કરવો જ પડવાનો, કેમ કે માણસના વ્યક્તિગત વિકાસની પૂર્ણતાને માટે તેનો સ્વીકાર

આવશ્યક છે. ઈશ્વર પૂર્ણતા, મુક્તિ, શાંતિ એ બધાનું બીજું નામ છે, ને માનવજીવનનો આદર્શ તે જ છે. પૂર્ણતાના એવા અંતિમ આદર્શના સ્વીકાર વિના જીવન ને તેના વિકાસનો કોઈ જ અર્થ નથી રહેતો.

પરંતુ એવા આદર્શના કેવળ સ્વીકારથી કંઈ જ વળશે નહિ. જીવનની વાસ્તવિકતા પ્રત્યે આંખમીંચામણાં કરીને કેવળ આદર્શનું રટણ કરવાનો કશો અર્થ નથી. ધર્મ ને ઈશ્વરના આદેશ પ્રમાણે જીવનને બનાવવું પડશે. તો જ જરૂરી હેતુ સરી શકશે. ગોવિંદને ભજવાના છે ખરા પણ તે માટે સંસારના જે બીજા પદાર્થોને આપણે ભજી રહ્યા છીએ તેમાંથી મન ખેંચી લઈને ગોવિંદમાં લગાડવાનું છે. આમ કરીને માત્ર ગોવિંદને જ હૃદયમાં સ્થાન આપવાનું છે. આ કહેવું સહેલું છે, કરવું અઘરું છે. પણ અનેક બડભાગી આત્માએ તે કરી બતાવ્યું છે. તે કરવામાં જ જીવનની સાર્થકતા છે.

–(Page 41)

❋

## ॥ શાંતાશ્રમ કુટિયાની મહત્તા ॥

(પર્વતની એકાકી ખીણમાં મારે માટે આ સ્થળ પ્રભુએ પસંદ કરી રાખ્યું છે તે તેની કેવી કૃપા છે ! ઈશ્વરની યોજના પ્રમાણે બધું થયા કરે છે ને માણસે તેમાં નિમિત્ત બનવાનું હોય છે.) ભારતની ફિલસૂફીની એ એક વિચારધારા છે. તેમાં કેવળ નિયતિવાદનો સ્વીકાર નથી, પરંતુ પુરુષાર્થ કરવાની યોગ્ય ભૂમિકાનો સૂર છે.

અહીં વનમાં બધે આંબાવાડિયું છે. જે કલમી આમ્રવૃક્ષની નીચે આ કુટિર બંધાઈ છે તે વૃક્ષરાજને પણ ધન્ય છે. તેની શોભા અપાર છે. તેની શીતળ છાયા નીચે બેસીને મેં કેટલાય વિચારો કર્યા છે, સાધના કરી છે, હૃદયનાં મંથનો અનુભવ્યાં છે. અને અવનવીન અનુભવો મેળવ્યા છે. એ બધા જ અનુભવોની ધન્યતારૂપ સાધનાના મંદિર પર સિદ્ધિનો સોનેરી કળશ ચઢતાં આ વૃક્ષરાજ ને વન પણ કૃતાર્થ થઈ જશે. એક મહાન ઈતિહાસ તેમની નજર સામે બનેલો તેમને યાદ રહી જશે. આ પર્વતો, શાંતા નદી ને પક્ષીના સમૂહો પોતાની અસ્પષ્ટ ભાષામાં એ ધન્ય ઘડીની પ્રસન્નતાને પ્રકટ કરતાં આનંદથી ઊભરાઈ ઊઠશે. ધન્ય છે. હિમાલય ! તારી ગોદમાં આટલાં વર્ષો રહીને મારી કાયા પણ કૃતાર્થ થઈ ગઈ. જગતમાં મારું આવવું ને જીવવું સફળ થઈ ગયું ! ધન્ય છે પતિતપાવની ગંગા ! તારા પ્રદેશમાં વસીને મારી જુવાનીનો જે બધો કાળ આત્મકલ્યાણ ને વિશ્વહિતની સાધનામાં વીત્યો તે મહાન ફળદાયક બની ગયો. મારે માટે ગૌરવરૂપ ને સફળ થઈ ગયો. આ જગતમાં આવીને અનેક નિર્ધનની જેમ સ્ત્રી, ધન ને વાહવાહમાં આસક્ત થઈને મેં ખાલી હાથે વિદાય લીધી નથી, પણ પ્રાચીન તપસ્વી ને ઋષિમુનિઓની કૃપાથી જીવનની પચ્ચીસીમાં જ તેમને પગલે ચાલીને પૂર્ણતાના પંથની ઝંખના કરી છે, અને આવા અલૌકિક પ્રદેશમાં રહીને પ્રકાશ ને પૂર્ણપ્રકાશની ઉત્તરોત્તર આરાધના કરી છે. મારા જીવનને તમારી કૃપાથી આલોકિત કરજો, ને તમારો સહવાસ આજીવન કાયમ રાખી તેમાંથી મેળવેલી શક્તિનો 'બહુજનસુખાય બહુજનહિતાય' અનેકને માટે ઉપયોગ કરજો એ જ માગું છું.

–(Page 45)

❋

## ॥ હે મન ! ॥

ઈશ્વર કૃપાળુ છે. જેને એક એનો જ આધાર છે, તેને તે બધી જ મુશ્કેલીઓમાંથી ઉગારે છે. જે 'મા'ને આશ્રયે જીવન ચાલે છે ને જેની આરાધના એ જ જીવનનું એકમાત્ર કર્તવ્ય છે તે 'મા' એ અમારો બધો જ ભાર ઉપાડી લીધો, ને બધી જ અનુકૂળતા કરી આપી. હે મન ! તું એ ભૂલીશ નહિ. એને યાદ રાખીને 'મા'ના પ્રેમની ઝંખના કરી હરહંમેશ 'મા'ના સાન્નિધ્યમાં શાંતિ પામજે. હે માનવ ! તું પણ દુઃખના ડુંગરથી શા માટે ગભરાય છે ? સંકટોને નિવારવા તું કોનું શરણું શોધે છે ? ઈશ્વર વિના તારું કોઈ નથી. તારા સંકટોને દૂર કરવાની શક્તિ બીજા કોઈમાં નથી એમ સમજીને એક ઈશ્વરનું જ શરણ લે. એ શરણનો ચમત્કાર તેં હજી જોયો નથી. એટલે જ દુઃખથી ડરી જઈ, દુન્યવી વ્યક્તિ ને વસ્તુનું શરણ શોધતો તું ભમ્યા કરે છે. એ રીત ખોટી છે. ઈશ્વરના દ્વારે પોકાર કર. ઈશ્વરની કરુણામાં શ્રદ્ધા રાખીને પ્રેમપૂર્વક એનો આશ્રય લે. તેને માટે પ્રાર્થના કર, રડ ને તલસ, તો તારાં નાનામાં નાનાં લૌકિક દુઃખોથી માંડીને મોટામાં મોટાં પારમાર્થિક દુઃખો પણ દૂર થઈ જશે.

–(Page 49)

❀

## ॥ ઈશ્વરેચ્છા બલિયસી ॥

ગમે તેવી મુશ્કેલી હોય તો પણ ઈશ્વર માર્ગ કરી શકે છે. તેની ઇચ્છા શું નથી કરી શકતી ? તેની ઇચ્છા પ્રમાણે જ આ જગતનાં કાર્યો થયા કરે છે. માણસે તો કેવળ તે ઇચ્છાને આધીન થઈને તે પ્રમાણે આનંદપૂર્વક જીવન જીવવાનું હોય છે. એને જ શાસ્ત્રીય પરિભાષામાં 'નિમિત્ત બનવું' એમ કહ્યું છે. પણ એ દશા સહેલી નથી. તે ખૂબ ખૂબ જાગૃતિ, શ્રદ્ધા ને તપ કે પુરુષાર્થ



માગી લે છે. સાથે સાથે નમ્રતા પણ માગે છે. એ દશાની પ્રાપ્તિ થતાં જીવનમાં અજબ સંવાદ ને સમાધાન પ્રાપ્ત થાય છે. મિથ્યાભિમાન ને જડ અહંકારના નાશ વિના શ્રદ્ધાની એ ચિનગારી જાગવાનું સંભવિત નથી.

–(Page 52)

❀

## ॥ આ એક મહાન યજ્ઞ ॥

(આવા સ્થળમાં તૈયાર ને ભાવપૂર્વક ભોજન મળવું ને તે પણ વિના માગ્યે, એ ઈશ્વરની કૃપા જ કહેવાય. આવા સ્થળમાં કોઈને જમાડવામાં જે ભાવ સમાયેલો છે તે પણ કેવો પ્રશસ્ય છે !) આ એક મહાન યજ્ઞ છે, ને તેની તુલનામાં બીજા યજ્ઞો ગૌણ બની જાય છે. પ્રેમ ને સેવાભાવથી બીજાને યોગ્ય સમયે તૈયાર ભોજન આપવું એ એક મહાન ધર્મ છે, ને તુલસી ને કબીર જેવા સંતોએ તે જ અન્નદાનનો મહિમા એકથી અનેક વાર ગાયો છે. કમભાગ્યે વિદેશી સભ્યતાના સંપર્કમાં આવ્યા પછી કેટલાક લોકો ભારતના અન્નદાન ને અતિથિસત્કાર ને સંતસેવાના આદર્શ તરફ આશંકા ને ઘૃણાની દૃષ્ટિએ જુએ છે. પણ તેમાં ડહાપણનો અભાવ જ મુખ્ય છે. માનવતા, સેવા, સહકાર, સમર્પણ કે બીજાને માટેના ત્યાગની ભાવનાથી રહિત એવી કોઈ સભ્યતા કે પ્રશ્ન સંસ્કૃત કે સમુન્નત કહી શકાય નહિ, ને પોતાને કે કોઈને આશીર્વાદરૂપ પણ બની શકે નહિ, એ બાબતમાં ભારત વિદેશોની નકલ કરીને બરબાદ બની જાય તેના કરતાં વિદેશો ભારતની જરૂરી નકલ કરીને ઉન્નત ને માનવતાપૂર્ણ બને એ વધારે ઇચ્છવા યોગ્ય છે.

–(Page 57)

❀

## ॥ આધ્યાત્મિકતામાં જ સાચી આબાદી ॥

ભારતે સુખી ને સમૃદ્ધ થવું હોય, આઝાદીનાં ફળને ચાખવા જો તેણે રામરાજ્યની રચના કરવી હોય, તો પ્રત્યેક માણસે ન્યાય ને નીતિને અપનાવ્યા વિના છૂટકો નથી, ઈશ્વરપરાયણ થયા વિના છૂટકો નથી, ને સેવા ને સહકારનું વ્રત લઈને જીવનમાં સંયમ, સાદાઈ તથા સચ્ચાઈને ઊતાર્યા વિના ચાલશે નહિ. આપણી પાસે બે માર્ગ છે. એમ કહો કે આખા સંસાર માટે બે માર્ગ છે. એક તો આપણા પ્રાતઃસ્મરણીય મહાપુરુષોએ બતાવેલો ઉન્નતિમાર્ગ ને બીજો હિંસા, અસત્ય, ક્રોધ, કપટ, છલ તેમજ દુરાચારનો રાક્ષસી માર્ગ. એ માર્ગ પતનનો છે. તેનાં વિપરીત પરિણામોની માહિતી માનવ-સમાજને મળી ચૂકી છે. છતાં પણ જો તે નહિ ચેતે, ને રાક્ષસી માર્ગને નહિ મૂકે, તો દેશ ને દુનિયાનાં દુઃખો વધતાં જ જશે, ને તેનો કોઈ ઈલાજ નહિ થઈ શકે. ધર્મ ને સાચી આધ્યાત્મિકતાના પાયા પર રચાયેલો સમાજ જ સુખી, સમૃદ્ધ ને સલામત થઈ શકશે.

–(Page 61)

❀

## ॥ પ્રભુ તો અંતર્યામી છે ॥

પ્રભુ તો અંતર્યામી છે, ઘટ-ઘટનો જાણનાર છે. તેનું શરણ લેનારની રક્ષા કરવાનું તો તેનું વ્રત છે. પ્રહ્‌લાદના જીવનપ્રસંગો એ વ્રતના પાલનના દૃષ્ટાંત છે. માણસમાં એટલી બધી શ્રદ્ધાભક્તિ જાગે તો પ્રભુ દૂર નથી. પ્રભુ તેની સાથે પ્રેમથી બંધાઈ જાય છે. પણ નિર્બળ મનના માનવમાં એટલી શ્રદ્ધાપરાયણતા ક્યાં છે ? તેને તો વિષયો જ વહાલા લાગે છે. સંસારના આકર્ષક પદાર્થોની પાછળ પડીને જીવનની શક્તિને તે



વેડફી નાખે છે, ને સુખદુઃખ, રાગદ્વેષ, અહંતામમતા ને જન્મમરણના ચક્રમાં ફર્યા કરે છે. એનાથી અધિક દયનીય દશા બીજી કયી હોય ? તેથી જ શાસ્ત્રોએ કહ્યું છે કે જે ઈન્દ્રિયોને મનને વશ કરીને પ્રભુનાં ચારુ ચરણોનો આશ્રય લે છે તે બડભાગી છે. (એવા બડભાગી માનવો આ સંસારમાં થોડા જ છે, ને તેમના પર પ્રભુની છત્રછાયા સદાને માટે છવાયેલી છે, એમાં લેશ પણ સંદેહ નથી.)

–(Page 63)

❀

## ॥ માણસ જો નમ્ર ને પ્રામાણિક બને ॥

(પરમાત્મા સૌના ગુરુ છે એ સિદ્ધાંતની દૃષ્ટિએ તદ્દન સાચું છે પણ વાસ્તવિકતાની દૃષ્ટિએ બરાબર નથી.)

માણસ જો નમ્ર ને પ્રામાણિક બનીને વિચાર કરશે તો તેને સ્પષ્ટ સમજાશે કે ઈશ્વરની ઈચ્છા, ઈશ્વરના સંદેશ કે ઈશ્વરની પ્રેરણા પ્રમાણે તેનું જીવન ચાલતું નથી. અહંકાર, દંભ, કામ, ક્રોધ ને મમતા તેમજ આસક્તિના આવરણમાં માણસ ઢંકાયેલો છે. એટલે ઈશ્વરનો સાચો સંદેશ ઝીલી કે સાંભળી શકતો નથી. તે તો પોતાના મલિન મન ને સ્વભાવની જ આજ્ઞા કે પ્રેરણા પ્રમાણે વર્તે છે. તે મહાગુરુ-વિશ્વગુરુ પરમાત્માની સાથે તો તેનો સંબંધ જ ક્યાં છે ? જ્યારે તે મમતા, અહંકાર અને આસક્તિને ખંખેરી કાઢશો, ને ઈશ્વરની તરફ ગમન કરીને શુદ્ધ સત્ત્વગુણ પ્રતિષ્ઠિત થશે ત્યારે ઈશ્વરી સંદેશ સાંભળી શકશે, ને ઈશ્વરી પ્રેરણા પ્રમાણે જ જીવન ઘડી શકશે. મહાપુરુષોનાં જીવન આજ રીતે ઘડાતાં હોય છે. તેથી જ તેઓ કહી શકે છે કે ઈશ્વર તેમના ગુરુ છે, ને તેના આદેશ પ્રમાણે તે જીવે છે.

–(Page 60)

❀

## ॥ ભારતમાં વયપ્રતિષ્ઠા ॥

એ શુકદેવ જ્યારે બાળકોથી વીંટળાયેલા આવે છે ત્યારે ગંગાકિનારે બેઠેલા બધા જ ઋષિમહર્ષિ, જ્ઞાની, તપસ્વી તથા રાજા પરીક્ષિત ઊભા થઈ જાય છે ને તેમનું સન્માન કરીને તેમને ઉચ્ચ આસને બેસાડે છે. તે વખતે સભામાં વ્યાસ ને તેમના પિતા પરાશર પણ હતા, છતાં વ્યાસપીઠને માટે શુકદેવ જ યોગ્ય મનાયા તેમાં કાંઈ આશ્ચર્ય નથી. ભારતમાં વય, પ્રતિષ્ઠા કે વૈભવને પૂજા કે સન્માનનું પ્રાથમિક સાધન માન્યું નથી. ભારતીય સંસ્કૃતિએ તો વિદ્યા, ચારિત્ર્ય ને તેના આધાર પર ઘડાયેલી યોગ્યતાને પૂજનીય માની છે. એના જ આધાર પર જીવનને ઉત્તમ કે કનિષ્ઠ ગણ્યું છે. તેથી જ તેણે કહ્યું છે કે કોઈની પાસે ખૂબ ધન તેમ જ વૈભવ હોય, કોઈના વાળ ધોળા થઈ ગયા હોય, ને સંસારની સંપત્તિથી જે સંપન્ન હોય, તેને જ સુખી, વૃદ્ધ, વડીલ, શ્રેષ્ઠ કે સંપત્તિમાન માનવાની જરૂર નથી. જેના દોષ ને દુર્ગુણ દૂર થઈ ગયા છે ને ઈશ્વર પાસે જે વધારે પ્રમાણમાં પહોંચેલો છે, તે જ શ્રેષ્ઠ છે, વૃદ્ધ ને સુખી છે, તેમ જ પૂજનીય પણ તે જ છે. (એટલે જ ભારતે અષ્ટાવક્ર ને જડભરત તથા નારદ ને શુકદેવ તેમ જ વ્યાસ ને બુદ્ધ જેવાને મહાન માનીને પોતાના હૃદયમાં સ્થાપ્યા છે.)

–(Page 105)

❀

## ॥ યુવાનીમાં જ જાગી જાઓ ॥

ઈશ્વરપ્રાપ્તિના માર્ગમાં જે કાંઈ પુરુષાર્થ કરવો હોય તે યુવાનીમાં જ સારી પેઠે થઈ શકે છે. તે વખતે અંતરમાં ઉત્સાહ હોય છે, મન મજબૂત હોય છે, ને રગેરગમાં આશા, ચેતના,



આનંદ ને પુરુષાર્થ કરવાની પ્રેરણા ભરી હોય છે. સુખ ને દુઃખ ટાઢ કે તાપને સહન કરવાની શક્તિ પણ તે અવસ્થામાં સારા પ્રમાણમાં હોય છે. પછીથી જ્યારે ઈન્દ્રિયો ને શરીરની શક્તિનો હ્રાસ થઈ જાય, ઘડપણ શરીર ને મન પર સવાર થઈ જાય, ને મૃત્યુના સંદેશા વારંવાર આવવા માંડે, ત્યારે સાધનાનું આકરું ને કષ્ટસાધ્ય કામ કેવી રીતે થાય ? ઘરમાં આગ લાગી હોય ત્યારે કૂવો ખોદવાનો પ્રયાસ કરવો એ જેમ મૂર્ખતા છે તેમ ઘડપણમાં બધી જ શક્તિ નષ્ટ થઈ ગઈ હોય ત્યારે ઈશ્વરને માટે સાધના કરવા પ્રયાસ કરવો તે મૂર્ખતા તો નહિ પણ એકદમ અચોક્કસ કે અપર્યાપ્ત પ્રયાસ છે. માટે યુવાનીમાં જ જાગી કે ચેતી જવું જોઈએ.

–(Page 120)

❀

## ॥ સંતોને જોવાની વિવિધ દૃષ્ટિ ॥

કેટલાક માણસો સંતમહાત્માનાં દર્શન સારું જાય છે, પરંતુ દર્શન દ્વારા તેમનો લાભ લેવા તો કોઈક જ જાય છે. કેટલાક તો દોષ જોવા જ જાય છે. ને સંતમહાત્મામાં દોષ ના હોય તો પણ, ગમે તે પ્રકારે, તેમની બેસવાની પદ્ધતિમાં કે વાણીમાં દોષ કાઢી, સદાને માટે એક નક્કી મનગમતો અભિપ્રાય બાંધીને પાછા ફરે છે. કેટલાક સ્વાર્થી હેતુને સિદ્ધ કરવા મહાત્માનાં દર્શન જાય છે. તે હેતુ સિદ્ધ ના થાય એટલે તેમની શ્રદ્ધા ખૂટી જાય છે. બહુ જ થોડા માણસો પ્રેમથી પ્રેરાઈને, કૈંક શીખવા કે માર્ગ ગ્રહણ કરવા સંતસાધુ પાસે જાય છે. બધા જ માણસો કે સંતો પૂર્ણ છે એમ સમજી લેવાની જરૂર નથી. એવી સમજણ ખોટી છે. ઈશ્વર ને તેને પહોંચી ચૂકેલા સંત બે જ પૂર્ણ છે. એટલે કોઈમાં કોઈ દોષ

દેખાય કે હોય તો પણ તેને છોડી દેવાની જરૂર નથી. પણ મોટું પેટ રાખીને દોષને ગળી જવામાં જ બુદ્ધિમાની છે. (આ રીતે જ સંસાર ચાલી શકશે. તે ઉપરાંત, કોઈના વિશે કોઈ શંકા થાય તો તેનો ખુલાસો તે માણસ પાસેથી જ મેળવવાનો પ્રાયસ કરવો જોઈએ. તેનો પ્રચાર કરીને તેને નિંદાનું સ્વરૂપ ના આપવું જોઈએ.) એક બીજી યાદ રાખવાની વાત એ છે કે મહાનતા કે શ્રેષ્ઠતા કોઈ એક માણસનો જ ઈજારો નથી. તે સર્વનો અધિકાર છે. એક ક્ષુદ્રમાં ક્ષુદ્ર જંતુ પણ યોગ્ય દિશામાં પ્રયાસ કરીને મહાનતા મેળવી શકે છે, ઈશ્વરનો પ્યારો જીવ થઈ શકે છે, ને વિશ્વવંદ્ય પણ બની શકે છે. માટે અમારા ગુરુ એ જ ખરા કે મોટા ને બીજા બધા છોટા કે ખોટા એવી માન્યતા ભૂલભરેલી છે. આ સંસારમાં એક ઈશ્વર જ સૌથી મોટો છે. બીજા તો તેના ચરણની રજ છે, ને ચરણની રજ બનવાને લીધે જ તે મોટાઈ પ્રાપ્ત કરી શક્યા છે.

–(Page 289121)

❀

**॥ પ્રભુની લગનમાં મગન ॥**

આ સંસારમાં જેને તમારી લગની લાગી જાય છે તેને તમારા વિના બીજું કૈં જ ગમતું નથી. તમારી યાદમાં તેનું મન નિશદિન મસ્ત રહે છે ને તેના હૃદયમાં એક તમારો જ રાગ રહી જાય છે. તમારી સાથે વાતો કરવાને માટે તેની વાણી આકુળવ્યાકુળ બની જાય છે, ને પ્રાણ તમારા પ્રેમની પાવન ગંગામાં નિશદિન નાહ્યા કરે છે. તમારા વિના તેનું મન બીજે ક્યાંય લાગતું નથી. ને



તમારાં દર્શન માટે તલપાપડ બનેલું તેનું અંતર સંસારના ગમે તેવા સ્વર્ગીય સુખમાં પણ આસક્ત થઈ શકતું નથી. તે ગમે ત્યાં રહે, ગમે ત્યાં ફરે, પણ તેનો એક જ જીવનવ્યવસાય રહેવાનો ને તે તમારા મંગલ મિલનને માટે મહેનત કરવાનો, તમારા વિશ્વમોહન કે ત્રિભુવન સુંદર સ્વરૂપને ધરાઈ ધરાઈને જોવા માટે પરિશ્રમ કરવાનો ને તમારી યાદ ને પ્રાર્થનામાં ચકચૂર રહેવાનો. સંસારના વિરાટ મંદિરમાં દિલને વિશાળ આંગણે તમારી પ્રતિષ્ઠા કરી, રાતદિન ભક્તિના પ્રેમજળથી અભિષેક કરી, ભાવના ને કર્મની આરતી ઉતારી, તમારા દર્શનને માટે તે આતુર, આતુર થઈ જવાનો. તમારી કૃપા વિના એવી લગની લાગી શકતી નથી. (સંસારમાં ભૂખ સૌને હોય છે. કોઈ ધનને માટે તો કોઈ ધામને માટે, કોઈ સ્ત્રીને માટે તો કોઈ સંતાનને માટે, કોઈ કીર્તિને માટે તો કોઈ સત્તાને માટે, એમ વિવિધ વસ્તુ કે વ્યક્તિને માટે સંસારમાં વધારે ભાગે માણસોને ભૂખ હોય છે. પણ તમારા માટેની ભૂખ તો કોઈના જ દિલમાં લાગી હોય છે, તે જ માણસ સંસારમાં ખરેખરો બડભાગી છે. જે તમારો અનુરાગી છે. જેનું મન તમારા મંગલમય ચરણોમાં મોહિત થઈ ગયું છે, ને તમારાં દૈવી દર્શનને માટે આતુર બન્યું છે.) (તમારા પ્રેમી બનવાનું એ મહાન ભાગ્ય તમે મને આપ્યું છે, એ મારે માટે અત્યંત આનંદનો વિષય છે.)

–(Page 130)

❀

**॥ સંતસમાગમ ॥**

સંસારમાં પ્રવૃત્તિશીલ રહેનારા માણસોને માટે સંતસમાગમ

જેવો મહત્ત્વનો લાભ બીજો કોઈ નથી. તે દ્વારા ઈશ્વરની કૃપા પણ થઈ શકે છે ને શાંતિ મળે છે. સત્ત્વગુણી સ્વભાવ, શાંતિ તેમજ સંસારના વિષયોમાં નીરસતા તેમજ ઈશ્વર કે આત્મદેવમાં સંપૂર્ણ પ્રેમ ને મમતા, તે સિદ્ધિ કાંઈ નાનીસૂની નથી. તે મેળવવાનો પ્રયાસ કરવો અને જેનામાં તે મળે તેને પૂજ્ય કે સેવ્ય માનીને વળગી રહેવું લાભકારક છે. ઈશ્વરની કૃપા વિના એવા મહાન સંતોમાં પ્રેમ થતો નથી, ને તે વિના અજ્ઞાન કે સંસારનો મોહ દૂર થતો નથી અને ક્લેશ ટળતા નથી, એમ કહ્યું છે તે ખરેખર સાચું છે. એવા સંતો સાકાર સિદ્ધિરૂપે વિચરે છે અને પદેપદે વિશેષતા તેમ જ ચમત્કાર અને અલૌકિકતાથી ભરેલી આ અવનીમાં એ એક મહાન ચમત્કાર, અલૌકિકતા કે વિશેષતા છે એમાં સંદેહ નથી.

–(Page 289139)

❀

**॥ 'મા પ્રમાદ' ॥**

ફૂલમાંથી બહાર ફેલાઈ ગયેલી ફોરમ, વહી ગયેલો વાયુ, ને નદીનું આગળ વધી ગયેલું નીર, એ ત્રણેમાંથી એકે પોતાના મૂળ સ્થાનમાં જેમ પાછાં આવી શકતાં નથી, તેમ વહી ગયેલો વખત પણ પાછો આવતો નથી. એ નિયમને જે જાણે છે તે સારા કામને શીઘ્ર અને અતિશીઘ્ર કરવામાં પ્રમાદ કેવી રીતે કરી શકે ? તે તો પોતાના બધા જ જીવન ને વર્તમાનની ક્ષણેક્ષણને તમારી પ્રાપ્તિ માટેના પુરુષાર્થમાં મન મૂકી લગાવી દેશે ને તમારી અખંડ આરાધનામાં લાગી જશે. તમને પ્રાપ્ત કર્યા વિના તેને ચેન નહિ



વળે. સમયના મૂલ્યને સારી પેઠે સમજી લઈ, વહેલામાં વહેલી તકે તમને મેળવવા તે તલપાપડ બનશે ને બીજાં બધાં જ કામને ગૌણ માની તમારી કૃપાપ્રાપ્તિના મુખ્ય કામને કરવા કમર કસશે. આજે આજે ને અત્યારે જ તમને મેળવી લેવાની તેને લગની લાગશે ને તે માટે જરા પણ હતાશ થયા વિના વારંવાર પ્રયાસ કર્યા કરશે. તમારી પ્રાપ્તિના કામને જે મુલતવી રાખ્યા કરે છે તે સમયના મહત્ત્વને સમજતા નથી. અથવા તો તમારા પ્રેમના પરમરસને પ્રાપ્ત કરી શક્યા નથી. નહિ તો ક્ષણે ક્ષણે પરિવર્તન પામતા સંસારમાં તે દીર્ઘસૂત્રી બનીને ભાગ્યે જ બેસી રહત.

–(Page 158)

❀

**॥ સાચો કુશળ કોણ ? ॥**

કેટલાક કહે છે કે જે ધનવાન છે તે કુશળ છે, તો કેટલાક કહે છે કે સાચા કુશળ કે સલામત તો તે છે જે યશસ્વી છે. કોઈ વિદ્વાનને કુશળ કહે છે, તો કોઈ વ્યવહારમાં ચતુર હોય તેને. પરંતુ ક્ષણે ક્ષણે પલટાતા સંસારચક્રમાં પૂરેપૂરું કુશળ કોણ છે ? સુખ ને દુઃખ, રાગ ને દ્વેષ તથા આધિ, વ્યાધિ ને મૃત્યુ સૌની કુશળતાનો ભંગ કરે છે. સાચા અર્થમાં કુશળ તો તે જ છે. જે મનને નિર્મળ બનાવીને ને વિતરાગ કરીને તમારી સાથે પ્રેમના દોરે બંધાઈ જાય છે ને તમારા પ્રાણની સાથે જેનો પ્રાણ સંધાઈ જાય છે. તમારી કૃપાની મૂર્તિ બનીને જે જીવે છે ને તમારી પ્રાપ્તિ કરીને જેણે પરમશાંતિ ને પરમામૃતની પ્રાપ્તિ કરી છે તે જ ખરેખર નિર્ભય છે, નિશ્ચિંત છે ને સંપૂર્ણપણે સલામત પણ તે જ

છે. તમારી સાથે જેનો સંબંધ નથી તેવો કોઈએ જીવ જગતમાં કુશળ કે સલામત નથી.

–(Page 166)

❋

## ॥ બદરીનાથનું માહાત્મ્ય ॥

બદરીનાથની ભૂમિ કેટલી સુંદર છે ! ચારે બાજુ રમણીય પર્વતોની વચ્ચે વસેલી બદરીનાથપુરી ખૂબ જ રમણીય લાગે છે. બદરીનાથનું પ્રાકૃતિક સૌંદર્ય તો ઉત્તમ છે જ, પરંતુ એનો આધ્યાત્મિક મહિમા પણ ઓછો આકર્ષક નથી. નર-નારાયણ ઋષિની તપસ્યા ભૂમિ તરીકે એ ભૂમિ પ્રખ્યાત છે. સનક, સનંદન ને સનત્કુમારના નામ પણ અહીં ગુંથાયેલા છે. પાંડવોના મહાપ્રસ્થાનની વાત પણ આ ભૂમિ સાથે સંકળાયેલી છે. તે ઉપરાંત, ભારતને સંસારના અજોડ વિચારક મહર્ષિ વ્યાસ, પ્રેમમાં મગ્ન થઈને ફરનારા દેવર્ષિ નારદ અને તપ, જ્ઞાન ને પ્રેમની મૂર્તિ જેવા શુકદેવ આ ભૂમિના મુખ્ય દેવતાઓ છે. કાળની અસરથી તે પર છે ને ઉત્તમ કોટિના સાધકોને આજે પણ કૃપા કરીને દર્શન આપે છે.

મહાભારત કાળમાં ભગવાન શ્રીકૃષ્ણે ઉદ્ધવને આ જ ભૂમિમાં આવવાનો આદેશ આપેલો. યક્ષ, કિન્નર, ગંધર્વોનો પ્રદેશ તથા કુબેરની નગરી આ તરફ કહેવાય છે. તેની યાદ આવતાં પુષ્પદંતનું શિવમહિમ્નસ્તોત્ર તથા કાલિદાસનું મેઘદૂત યાદ આવ્યા વિના રહેતું નથી.

હિમાલયની ભૂમિનું આકર્ષણ ભારતવાસી ધર્મપરાયણ માણસને બચપણથી જ હોય છે. હિમાલયનું દર્શન કરવાની ભાવના તેના જીવનમાં ભળી ગઈ હોય છે. ઋષિમુનિની તપશ્ચર્યાનો જે ઈતિહાસ આ ભૂમિમાં લખાયેલો છે તેની યાદ તેને કાયમને માટે પ્રેરણા પૂરી પાડે છે. આજે એવા ઋષિમુનિઓ અહીં પહેલી નજરે જોવા ના મળે તેથી એમનું અસ્તિત્વ અને આ ભૂમિનો પ્રભાવ મટી જાય છે એમ માની લેવાનું નથી. આ ભૂમિની અલૌકિકતા હજી એવીને એવી જ છે.

–(Page 193)

❋

## ॥ સંતદર્શનની વૈજ્ઞાનિક રીત ॥

કેટલાક માણસો સંતપુરુષોનાં દર્શને જાય છે પણ કોઈ ખાસ હેતુ વિના. કેટલાક કેવળ દર્શન માટે જાય છે, કેટલાક કોઈ શંકાનું સમાધાન કરવા તો કોઈ પ્રશ્નાદિ પૂછવા. માણસ કોઈ પણ હેતુથી પ્રેરાઈને સંતપુરુષનાં દર્શન માટે જાય પરંતુ તે હેતુની પૂર્તિ તરફ તેનું ધ્યાન રહેવું જોઈએ ને તેની પૂર્તિ વહેલામાં વહેલી તકે કરી લઈને સંતની પાસેથી વિદાય લેવા તેણે સદાયે તૈયાર રહેવું જોઈએ. સંતપુરુષનો સમય ઘણો કીંમતી છે. એમ સમજીને કોઈયે પ્રકારના જરૂરી હેતુ વિના જરૂરથી વધારે વખત તેમની પાસે રહેવાની વૃત્તિનો ત્યાગ કરવો જોઈએ. પણ ખેદની વાત છે કે વધારે ભાગના માણસો એ વાતને વારંવાર વિસરી જાય છે ને સંતોની પાસે કલાકો લગી નકામી ગિરદી કરીને બેસી રહે છે. કેટલાક માણસો તો સંતસમાગમના મહિમાને ભૂલી જઈને સંતની પાસે જઈને વિના પૂછ્યે પોતાની વ્યવહારિક વાતો કરવા મંડી જાય છે અને અંદર અંદર વાતોની શરૂઆત કરે છે.

ત્યારે વાતાવરણ ઘણું બેહૂદું લાગે છે. સંતદર્શનની વૈજ્ઞાનિક રીત શીખવાથી પોતાનો ને સંતપુરુષનો ઘણો ઘણો કીંમતી સમય બચાવી શકાશે. એમાં સંદેહ નહિ.

–(Page 217)

❋

**॥ હે માનવ ! ॥**

હે માનવ, જીવનમાં અખૂટ કે અનંત આનંદની ઉપલબ્ધિ કર. ખૂબ પ્રેમથી જીવ. ઉલ્લાસથી આગે બઢ. મૂળ આદર્શ ઈશ્વર તરફ-પૂર્ણતા તરફ પ્રયાણ કર. રાત હોય કે દિવસ, તાપ હોય કે છાંય, સલામતીનું સપાટ મેદાન હોય કે મુશ્કેલીની કાંકરાભૂમિ કે દુઃખના ડુંગર હોય; બધામાં પ્રસન્ન રહી, પ્રેરણાના પીયૂષનું પાન કરી વિકાસ કર. માર્ગમાં ક્યાંય ઉત્તમ સુંદર વનશ્રી આવશે તો ક્યાંક દિલને ડોલાવી નાખનારા શહેર, ગામ કે કુદરતના દશ્યો આવશે : કોઈના હર્ષોલ્લાસ જોવા મળશે તો કોઈના પોકાર ને કોઈ દીનદુઃખીની આહ પણ સંભળાશે, કશાથી ચલિત કે ચંચલ થયા વિના વહ્યે જજે, કોઈ ફૂલ ધરે, આરતી કરે કે સ્તુતિના બે બોલ કહે તો પણ રોકાઈ ના રહેજે ને કોઈ થૂંકે, અપમાન કરે, નિંદે કે પ્રહાર કરે તો પણ દુઃખી ના બનજે. વિશ્વની વિવિધતા કે વિચિત્રતાનો એને પણ એક પ્રકાર માનીને કોઈને બદદુઆ કે અભિશાપ આપ્યા વિના આગળ ને આગળ ધપે જજે. સર્વને માટે મધુર થઈને શીતળતાનો રાગ તથા દ્વેષ-વહાલ ને વૈમનસ્ય બન્નેને તિલાંજલિ



આપી, પ્રેમમાં પ્રતિષ્ઠિત થઈને ભાવવિભોર બની, અનંત અમર જીવનની યાત્રાને ચાલુ રાખજે : પૂર્ણતાના પંથનો પ્રવાસી બનજે ને જીવનના ઉલ્લાસને ખોઈશ નહિ.

–(Page 289)

❋

**॥ સિદ્ધ પુરુષોથી સમૃદ્ધ ભારત ॥**

ત્રિકાળજ્ઞાની વ્યક્તિઓની સ્મૃતિથી અંતર પ્રસન્નતાની દૈવી લહેરે નાચી ઊઠે છે. એ વિચારે છે કે ભારતમાં હજી પ્રાણ છે. મહાપુરુષોની કમી કે અછત આ ધર્મપરાયણ ને સાધનાસંપન્ન દેશમાં આજે પણ નથી. કેવા કેવા ત્યાગી, વિચારક, સાધક, સ્વાનુભવી સિદ્ધ પુરુષો આ દેશમાં આજે પણ પડ્યા છે ! ભારત, તારા ચરણમાં મારું મસ્તક નમી પડે છે. ને તેમનું પણ નમવા દે, જે તારી સાધના ને સંસ્કૃતિમાં શ્રદ્ધારહિત છે : જે તારી આધ્યાત્મિક સાધનાત્મક પરિપાટી અને પરંપરા તરફ મોં મચકોડે છે. કેમકે તે સ્વયં અનુભવરહિત, અનધિકારી છે, બાળક છે, ને ઉપર ઉપર જ જોનારા છે. જે અંદર છે તેના તરફ તેમની દૃષ્ટિ નથી ગઈ.

–(Page 485)

**(પ્રકાશના પંથે-ભાગ-૨)**

**—સંકલન**

———❋———

**‘**શ્રીકૃષ્ણ અને અર્જુન ‘ગીતા’નું માહાત્મ્ય કરતાં કરતાં પોતાના જીવનનું સીધું પ્રમાણ ધરે, સૂક્ષ્મ ભાવને પ્રગટરૂપે મૂકી આપે તો તે કેવો ‘ચિરંતન પ્રભાવ’ ઊભો કરી શકે ?**’**

# ॥ Water-Fast Experiecne ॥

## (Strong connection to God)

The human body is 60% water (this is not true for all, some people are composed of as little as 45% water). The brain contains even more water, almost 80%. Based on this, one conclusion that can be drawn is that humans aro made mostly of water Water plays a big role in health without water we would cease to exist. So the question is, can a diet, solely based on the intake of water, work?

Studies show that by fasting on water for a day or two, one can off-put many diseases an( illnesses. It can help lower weight as well. In technical terms, water fasting stimulate, autophagy. This is a process done by the body to breakdown and recycle old pads of the cell When the body is in a state of autophagy, it cleanses waste from the body and provides energ to stave off chronic illnesses. Essentially, water fasting is a natural detoxifier that improves one' health.

In theory. water fasting is beneficial to the body; However, practically does it make an difference?

I decided to test out this interesting theory. Here is my account:

On August 14, 2020, my sister and I decided to try a 24-hour water fast. I am no stranger fasting, I weekly do a fruit fast and bi-monthly partake in the Ekadashi fasts. However, watt fasts were completely new to me. I must confess that I did try one several years back on tt occasion of India's Independence Day and Prabhu's birthday in the Panama Youth



Shibir, bu fell two hours short of a complete 24 hour fast. Now three years later. I was ready to try again After eating a quick dinner I began my timer. The first few hours went by fine - I am not big snacking, therefore one big meal is fine for me - However, the later it got, the hungrier I became This was most likely due to a regular pattern of eating dinner late. I pushed through, and aft an hour or so the hunger faded. I fell asleep later that night, luckily not hungry.

The next morning, I woke up expecting a pang of hunger. However, to my surprise, it neN came. I quickly completed my morning routine and sat down for a three-hour-long satsang. At that, I experienced bouts of stomach gurgling; however, this did not last very long. The cic told me I had only eight hours to go. With a determined outlook, I spent the next several hot going about my usual routine while skipping lunch. I had a lot of time left over from not eat lunch. For some, this may be a blessing, but to me it reminded the absence of food.

Much to my chagrin, time was not moving fast enough. Just when I thought hours had passe would check the clock and see that only a few minutes had passed. However, I persevet determined to finish what I had started. The icing on top of the cake was that I started smell and tasting imagina d. The sweet flavor of peaches was coating my tongue, but it wasn't real. The mind is tricky like that. It waggles things you cannot have in front of your face and tempts you to give in.

That is another thing water fasting or any fasting teaches you, self-discipline. Self-discipline is a

pnnciple that can and should be applied to all aspects of life. It may be easy to give up, but it is extremely hard to maintain your composure and trudge on.

Anyways. after hours of passing time in multiple ways, I finally got around to doing something productive. I started writing this essay/personal account. Whilst writing this, I am enticed by the savory smell of nonexistent samosas. I only have an hour and a half left. In my opinion, it is doable, I guess we will find out soon enough. This particular fast is making me feel like I am bouncing in the clouds. I feel very light and airy, like whipped cream. I've also stopped looking at the clock constantly. The further I progress into this fast, the more peaceful I've become. In the beginning, I was worried about myself and my abilities to see this fast to the end: However, now I am indifferent, with the occasional smells and tastes of imaginary foods.

Water fasting has many benefits health-wise, but what is the spiritual connection to fasting?

II cannot say much about the health benefits of water fasting. I believe that one must fast like this for days. weeks, months, or even years to see changes to their health. However, I can say some things about the spiritual benefits. Originally, the cause for this fast was Prabhu's birthday. I thought that by giving up food for one day I would make him happy and proud. However quiet introspection gave me a different outlook. In the spiritual sense, fasting should be done not to impress one's god or guru. rather it should be done as a way to establish a stronger connection with their god or guru. Firstly.



lots of time is made when food is given up. The time that it takes to prepare and eat food is opened up, and the time it takes to clean up after cooking is also freed. With this available time, people can dwell into prayers and do other spiritual practices, which normally wouldn't happen due to a lack of time.

Secondly, without food, at least for me, gives us a lot of time to think. I'm not sure why this happens, or if this happens to anyone else, but I find that I am stuck inside my head (not in a bad way). I have a deeper and longer thought process than what I normally would have. In this thought process, I have come to an eye-opening realization. Maa and Prabhu went days on end without food and water. Furthermore, Maa has left food since 1984. What I am doing for a day, is her normal. Her ability to abstain from edible pleasures has increased her discipline many-fold as compared to us normal people, but it has also given her the ability to connect with God in a more meaningful way. Material pleasures, like food, don't hold Maa back. She is not tied down by any karmic actions that are existent due to food. Similarly, in spirituality, the ability to not give in to the temptations presented by food, allow us to make a strong connection to god, without anything holding us back.

As this fast is coming to end, |I must say that I have learned quite alot about myself and my limits. It is safe to say that the phrase "I"m starving!" will never hold the same meaning again.

**-Kavya SMART**

**(VITGINIA, USA, August 15,2020)**

## ॥ 'અધ્યાત્મના અભિન્ન અંશ'ને ભાવભીનાં વંદન ॥

**(શ્રી નારાયણભાઈ જાની)**

'અધ્યાત્મ'ના સંસ્થાપક શ્રી યોગેશ્વરજીએ લગભગ ૪૨ વર્ષ પહેલાં અધ્યાત્મનું સુકાન એમના શ્રદ્ધાળુ ભક્ત, શ્રેષ્ઠ સાધક મિત્ર એવા શ્રી નારાયણભાઈ જાનીને સોંપ્યું.

કાર્લાઈલે કહ્યું છે : 'Happy is he who has found his work.' એ વ્યક્તિ ધન્ય છે જેને જીવનકાર્ય મળી ગયું. એ ધન્યતર છે જેને પોતાના કાર્યનો અનુરોધ સાચા સમર્થ સંતની મૈત્રીની શાશ્વત સુગંધરૂપે થયો અને એ ધન્યતમ છે જેણે આયુષ્યની છેલ્લી ક્ષણ સુધી એ કાર્ય પૂરેપૂરી નિષ્ઠા અને પૂર્ણ કૌશલ્યથી અદા કર્યું; નિઃશુલ્ક સેવાનો આ વિકલ્પ (પગારદાર નોકરી સામે) વધાવી, પૂરા પ્રેમથી ૪૦ વર્ષ નિભાવ્યો.

'અધ્યાત્મ'ના સંચાલન-સંપાદન સાથેનું એમનું તાદાત્મ્ય એવું રહ્યું કે તેઓશ્રી અધ્યાત્મના પર્યાય બની ગયા.

'અધ્યાત્મ'નું તંત્રીકર્મ એમને માટે જીવનભરની સાધના બન્યું. એ દ્વારા તેઓશ્રી પ્રભુશક્તિના વાહક બન્યા અને અનેક માટે પ્રેરણારૂપ બન્યા.

'અધ્યાત્મ'ના અંકોનો વર્ષોનો ઈતિહાસ જોતાં લાગે છે કે, એમાં અપાર વિષયવૈવિધ્ય રહ્યું છે. સર્વ દિશાઓમાંથી શુભને સત્કારવું એ સામયિકની નેમ હતી. સર્વધર્મસમભાવ એમાં કેન્દ્રસ્થાને રહ્યો.

વર્ષો વધવાની સાથે અધ્યાત્મમાં નવા નવા સભ્યો જોડાતા



રહ્યા છે. આજે એનો વ્યાપ ચાર હજાર ઉપર છે.

દેશવિદેશમાં દર મહિને અધ્યાત્મના અંક પૂજ્યશ્રીના અધ્યાત્મજાગૃતિના શુભ હેતુને પ્રસારી રહ્યા છે. પૂજ્યશ્રી'મા'ની સતત અમીઝરતી કૃપાદૃષ્ટિ તેમજ સર્વમંગલ ટ્રસ્ટના સહયોગથી સાવ નજીવી કિંમતે ચૈતન્યપ્રસારનો અમૂલ્ય હેતુ આજે પણ સિદ્ધ થઈ રહ્યો છે. આ સર્વ પાછળ શ્રી નારાયણભાઈનો અથાક પરિશ્રમ-પરિમલ મહેકે છે. એમાં 'રાધેશ્યામ' પ્રિન્ટીંગ પ્રેસનો વર્ષોનો અવિશ્રાન્ત સહકાર-સાથે-ભક્તિભાવ પણ કાબિલે દાદ છે.

'અધ્યાત્મ'ની શબ્દજ્યોતિએ કંઈ કેટલાયના અંધારભર્યા હૃદયોમાં પ્રકાશ રેલાવ્યો હશે.

કંઈ કેટલાયને જીવનને ઉન્નત કરનારી દિશાઓનાં દર્શન થયાં હશે.

કેટલીય કલમો વાચકોની પ્રભુશ્રદ્ધા સંકોરવાનું નિમિત્ત બની જશે.

સર્વમંગલ ટ્રસ્ટની અનેકવિધ લોકહિત પ્રવૃત્તિઓના અહેવાલોથી કેટલાયના હૃદયની છાની કરુણા જાગી ગઈ હશે !

શ્રી યોગેશ્વરજીનો સૂક્ષ્મ પ્રકાશ, પૂ.'મા'નો અસીમ પ્રેમભાવ અવનવાં રૂપો ધારી, અધ્યાત્મની કેડી પર કેટલાય ભક્તોની આત્મશ્રદ્ધા દૃઢ કરવા સક્રિય બન્યો હશે.

આનો પૂરો હિસાબ તો કાળ જ આપી શકશે. પણ સમયના દીર્ઘ પટ પર શ્રી નારાયણભાઈની એકધારી, સંનિષ્ઠ સેવા માટે આપણે હંમેશાં કૃતજ્ઞ રહીશું.

સાચે જ 'સદાબહાર સત્સંગી'ના આ 'મૈત્રીઉપનિષદ્' સમા 'અધ્યાત્મ'નો સાચો મહિમા કરવા જતા પ્રત્યેક વાચકને 'હું પાનખર નથી, વીતેલી વસંતોનો વૈભવ છું' એવી પ્રતીતિ આજે પણ થાય, એવો અવિસ્મરણીય શ્રી નારાયણભાઈનો પ્રભાવ છે.

આમ, 'અધ્યાત્મ'નાં ચાળીસ-બેતાળીશ વર્ષના ફાલેલા વૃક્ષને પૂછીએ તો એ કહેશે કે, 'મારાં ફૂલ, મારાં મૂળને કારણે છે.' આપણે ફૂલ જોઈ પાછાં ન વળીએ, મૂળને ધન્યવાદ આપીએ. એની કૃતજ્ઞતાનું કદી વિસ્મરણ ન કરીએ. 'અધ્યાત્મ'ના 'અણમોલ મૂળ' સમા, નારાયણભાઈને સ્મરી-સ્મરી કૃતાર્થ થઈએ.

સમગ્ર અધ્યાત્મપરિવારનાં 'અધ્યાત્મ'ના આદ્ય તંત્રીશ્રી નારાયણભાઈને શતશઃ વંદન !

**—સંપાદન**

---

'શ્રીકૃષ્ણને પ્રત્યક્ષ કરી શકે એવા ગુરુને મળવા માગું છું.' એમ કહેનારને શ્રી રમણ મહર્ષિએ કહ્યું; "'ગીતા'માંથી તમે આ શીખ્યા ? શ્રીકૃષ્ણે કહ્યું નથી કે એ નિત્ય છે ? તમે શેને વિશે વિચારો છો ? એમના શરીર વિશે ? શું એમના દેહવિલય પછી 'ગીતા' નિરુપયોગી બની ગઈ ? 'હું કદી ન હતો એમ નથી' એમ શ્રીકૃષ્ણે શરીર માટે કહ્યું હતું ? જે નિત્ય, સ્વયંસિદ્ધ છે એને શોધવાની મથામણ કરી શા માટે ભૂલભૂલામણીમાંથી પસાર થવું ?"



# ॥ પ્રત્યેક શ્વાસે પ્રભુને પ્રાર્થો ॥

[આજે વળી પ્રભુએ એક પ્રાર્થનાનો પ્રસાદ ધર્યો છે. સૂરતમાં શ્રી ચીમનભાઈએ વિદાય લીધી. સવારે ઊઠ્યા, નિત્યકર્મથી નિવૃત્ત થઈ ખુરશી પર બેઠા. નાનો પુત્ર ભાવેશ માલીશ કરતો હતો ને ત્યાં જ શાંતિથી મૌન રહીને ક્ષણમાં તો વિદાય લીધી.

જાણે સૌને જગાડી ગયા. એ શ્વાસ કે જે અંદર ગયો કે બહાર આવ્યો તે પછી બહાર કે અંદર જશે કે કેમ ? એની માલિકી કોની ? એ શ્વાસ ઉપર નિયંત્રણ કરનાર પરમાત્મા પોતાને યોગ્ય લાગે તો જ શ્વાસનું દાન દેતા રહે છે.

શ્વાસ ૧ થી ૧૦ ગણીએ તો દરેક શ્વાસે પ્રાર્થના કરી લેવી એવા વિચારમાંથી 'પ્રાર્થનાનું પદ' પ્રભુએ ધર્યું.]

ॐ

**પહેલા શ્વાસે પ્રભુજી પધારો**
**બીજા શ્વાસે બંધન કાપો.**
**ત્રીજા શ્વાસે ત્રિલોકથી તારો**
**ચોથા શ્વાસે શ્રીચરણમાં રાખો.**
**પાંચમા શ્વાસે પાર ઉતારો**
**છઠ્ઠા શ્વાસે છત્ર ધરી દો.**
**સાતમા શ્વાસે સન્મુખ રહેજો.**
**આઠમા શ્વાસે આશિષ દેજો.**
**નવમા શ્વાસે નંદનવન કરી દો.**
**દસમા શ્વાસે દર્શન દઈ સમાવો.**

ॐ

**—શ્રી 'મા' સર્વેશ્વરી**
(તા.૧૩/૧/૨૦૨૧)